




અમરેલી,રાજકોટ, ગાંધીનગર અને સુરતથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
તા.૦૪-૨-૨૦૨૪ રવિવાર


# અવધ ટાઇમ્સ


AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેકસ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,








તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ પોષ વદ ૯ વર્ષ : ૨૮ અંક ૧૪૯


## ગામડા ગામમાં આપણી સંસ્કૃતિને ધબકતી,જીવતી રાખવા કેન્દ્રીય કેબીનેટ મંત્રી શ્રી રૂપાલાનો પ્રયાસ

# સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધામાં હજારો લોકો જોડાશે : તડામાર તૈયારી

**રાસ, ગરબા, સમૂહગીત, પ્રભાતિયા, સુગમસંગીત, લગ્નગીત, લોકગીત, ભજન, કથ્થક, ધોળ, હાલરડાં, શરણાઈ, રામસાગર, વાંસળી, હાર્મોનિયમ, મંજીરા, બેન્જો, ઢોલ, દુહા-છંદ-ચોપાઈ, લોકવાર્તાની સ્પર્ધા**

**અમરેલીમાં તા. ૧૨મીએ જિલ્લાકક્ષાએ સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધામાં જુદી જુદી કુલ ૨૧ કૃતિઓ રજુ કરાશે જિલ્લા યુવા વિકાસ અધિકારીનું માર્ગદર્શન : માત્ર એકથી ત્રણ ક્રમ વાળા સ્પર્ધકોની સંખ્યા ૧૩૦૦ થશે**

અમરેલી,

રાજ્યસભાના સાંસદ અને કેન્દ્રીયકેબીનેટમંત્રીશ્રીપરશોત્તમભાઈ રૂપાલા અને જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી અમરેલી દ્વારા શ્રી કે.કે.પારેખ અને આર.પી.મહેતા વિદ્યાલય, સિવિલ હોસ્પિટલની સામે, અમરેલી ખાતે તા.૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારે ૯:૩૦ વાગ્યેથી ક્રમશઃ રાસ, ગરબા, સમૂહગીત, પ્રભાતિયા, સુગમસંગીત, લગ્નગીત, લોકગીત, ભજન, કથ્થક, ધોળ, હાલરડાં, શરણાઈ, રામસાગર, વાંસળી, તબલા, હાર્મોનિયમ, મંજીરા, બેન્જો, ઢોલ, દુહા-છંદ-ચોપાઈ, લોકવાર્તાની સ્પર્ધા યોજાશે. તાલુકાકક્ષા સાંસદ સાંસ્કૃતિકસ્પર્ધામાં પ્રથમ વિજેતા સ્પર્ધક કલાકારને ઉપસ્થિત રહેવા આથી જાણ કરવામાં આવે છે.

(અનુ.પાના નં.૨)



## પાડોશના જુનાગઢમાં નવાજુની પછી હવે અમરેલી ઉપર સૌની મીટ

# વિસાવદરના આપના પુર્વ ધારાસભ્ય શ્રી ભુપતભાઇનો ભાજપમાં ધુબાકો

**જે લોકો આજે જોડાયા છે તેમને વિનંતી કે જેમ દૂધમાં સાકળ ભળે તેમ ભળી જજો : ભાજપના પ્રદેશ અધ્યક્ષ શ્રી પાટીલ**

જુનાગઢ,(હિતેશ પારેખ)

આજરોજ જુનાગઢ જીલ્લા ખાતે આમ આદમી પાર્ટીના પૂર્વ ધારાસભ્યશ્રી ભૂપતભાઈ ભાયાણી, અને તેમના સમર્થકો, પૂર્વધારાસભ્યો,પૂર્વજીલ્લા/તાલુકાપંચાયતના સદસ્યો માન.પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા

શ્રીસી.આર.પાટીલએ જણાવ્યુ કે, શ્રી નરેન્દ્રભાઈ મોદી સંકલ્પબદ્ધ છે અને આપણીપણ જવાબદારી છે કે આપણે સૌ સાથે



મળીને મોદી સાહેબના હાથ મજબૂત કરીએ. શ્રી મોદી ત્રીજી વખત પ્રધાનમંત્રી બનવા જઈ રહ્યા છે ત્યારે આ વિસ્તારને પણ મજબૂત કરીએ. ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર્તા નિશ્વાર્થ ભાવે કામ કરવા માટે ટેવાયેલો છે. જે લોકો આજે જોડાયા છે તેમને વિનંતી કે જેમ

(અનુ.પાના નં.૭)









## દ્વિતીય વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી



**સ્વ.દરબારશ્રી હરેશભાઇ**
**દાદાભાઇ વાળા**
**સ્વ.તા.૪-૨-૨૦૨૨ શુક્રવાર**
**પ્રમુખશ્રી : જામકા સેવા સ.મં.**

સમય જિંદગીનો ઓછો હશે... ક્યાં ખબર હતી, વિદાય તમારી અણધારી હશે એ...ક્યાં ખબર હતી, કોઈ સુચના વગર સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા. ભગવાન સુર્યનારાયણ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.ૐ શાંતિ..ૐ શાંતિ..ૐ શાંતિ..

**લી.**
જશુભાઇ દાદાભાઇ વાળા (અ.જી.મ.સ.બેંક)
મનુભાઇ દાદાભાઇ વાળા - વિજયભાઇ હરેશભાઇ વાળા
રાજદિપભાઇ હરેશભાઇ વાળા - ગૌતમભાઇ જશુભાઇ વાળા
જહાન્વીબેન જશુભાઇ વાળા - શક્તિરાજભાઇ મનુભાઇ વાળા
છત્રરાજભાઇ મનુભાઇ વાળા - દેવ્યાંશીબેન વિજયભાઇ વાળા
મુ.જામકા, તા.બગસરા, જિ.અમરેલી






## ભાજપના ભિષ્મ પિતામહ સમા રામરથનાં સેનાપતિ અને નાયબ વડાપ્રધાનને

## લાખ લાખ અભિનંદન







ભાજપના ભિષ્મ પિતામહ સમા અને પુર્વ નાયબ વડાપ્રધાન અને રામરથના સેનાપતિ **શ્રી લાલકૃષ્ણ અડવાણીજી** ને ભારત રત્નનું બિરૂદ આપતા રામરથના સારથી અને રામ મંદિરના નિર્માતા અને ભારતના કરોડો હિંદુઓના હદય સમ્રાટ એવા **પ્રધાનમંત્રી શ્રી મોદી સાહેબ** ને લાખ લાખ અભિનંદન પાઠવતા રાજીપો અનુભવીએ છીએ.

**શુભેચ્છક**

**અમરેલી જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. "અમર ડેરી"**







Amul The Taste of India

ડો.આર. એસ. પટેલ – મેનેજીંગ ડીરેકટરશ્રી
મુકેશ સંઘાણી – વાઇસ ચેરમેનશ્રી
અશ્વીન સાવલીયા – ચેરમેનશ્રી

**તથા તમામ બોર્ડ ઓફ ડીરેકટરશ્રીઓ**

## રાજુલાના નાના મશુંદડાની સીમમાં પ્રૌઢ ઉપર હુમલો


**લોખંડની ટી મારી ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ**

અમરેલી,

રાજુલા તાલુકાના નાના મશુંદડા ગામની સીમમાં મહુવાના મોટા આસરણા ગામે રહેતા ભુપતભાઈ પ્રાગજીભાઈ કાકલોતર ઉ.વ.૫૬ રાત્રીના સમયે નાના મશુંદડા સીમમાં પોતાની વાડીએ હતા ત્યારે વાડીમાં રોઝ આવતા રોઝને બહાર કાઢતા તેમની વાડીથી દુર આવેલ વાડી વાળા ચકુર ઈશાકભાઈ ગાહાએ જણાવેલ કે તું મારી વાડીમાં રોઝ શુ કામ કાઢે છે તેમ કહીં ગાળો બોલી ગાલ ઉપર જાપટ મારી હાથમાં રહેલ લોખંડની ટી ડાબા હાથની કોણી ઉપર મારી ફેકચર કરી ધમકી આપ્યાની ડુંગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.









## મોંઘી ડુંગળી ખાયને કોઈએ આપઘાત કર્યો હોય તેવો દાખલો સમગ્ર દેશમાં નથી, પણ નુકશાનીને કારણે ખેડુતો બરબાદ થયા હોય અને આપઘાત કર્યા હોય તેવા દાખલાઓ છે

# ગરીબોની કસ્તુરી ડુંગળી ખેડુતો માટે લાકડાનાં લાડુ જેવી છે



**ઘનશ્યામભાઈ પટેલ**
ચેરમેનશ્રી, એ.પી.એમ.સી. મહુવા
મો.૯૮૯૮૦૦૪૨૮૧

સમગ્ર રાજય અને દેશમાં છેલ્લા ૨૦ દિવસથી ગરીબોની કહેવાતી કસ્તુરી પણ ખેડુતો માટે લાકડાનો લાડુ ગણી શકાય તેવી ડુંગળી ચર્ચામાં છે. સોશ્યલ મીડીયામાં ખાસ કરીને અખબારો અને ટી.વી. ડીબેટમાં દરેક ચેનલોમાં તેના વિષે વિવાદીત ચર્ચાઓ થઈ રહી છે જેમાં સૌ પોતપોતાની રીતે ડુંગળીને મુદો બનાવે છે પણ તેમાં વાસ્તવીક્તા ખરેખર દેખાતી નથી અને રાજકીય રીતે એકબીજા ઉપર દોષારોપણ થઈ રહેલ છે. મહુવા એ.પી.એમ.સી. જે ડુંગળી વેચાણનું દેશનું ત્રીજા નંબરનું અને રાજયનું પ્રથમ નંબરનું યાર્ડ છે તેના ચેરમેન તરીકે છેલ્લા ૨૦ વરસ અને સતત પાંચ ટર્મથી કાર્યરત છુ અને ૫૦ વરસથી ડુંગળીના વેપાર તથા ખેતી સાથે જોડાયેલો છું. જેથી અનુભવના આધારે ડુંગળીની ખેતી, વેપાર, સંગ્રહ અને વીતરણ વ્યવસ્થા પાછળ જે વાસ્તવીક્તા છે તેનાથી સંપુર્ણ માહિતગાર હોવા સાથે તેનો અભ્યાસ કરીને જે હકિક્તલક્ષી બાબતો છે તે આજે સૌની સમક્ષ મુક્વાનો પ્રયાસ કરી રહયો છું. સૌ પથમ ડુંગળી માટે ચાર બાબતો જે ચર્ચામાં રહી છે તે ભાવવધારા કે ઘટાડા માટે કોઈપણ રીતે જવાબદાર નથી તે જાણવાની જરૂર છે તેમાં (૧) સરકાર (૨) વચેટીયા (૩) સંઘરાખોર (૪) કાળાબજાર છે. ડુંગળીનાં ભાવોની વધઘટ માટે કોઈ એકમાત્ર પરિબળ જવાબદાર હોય, તો તે કુદરત છે જે દરેક લોકો જે ડુંગળી ઉત્પાદક વિક્રેતા કે ઉપભોક્તા છે તેણે અને અને દરેક આમજનતાએ સમજવાની જરૂર છે.

### સરકાર

બાંગલાદેશ જેવા ગરીબ દેશમાં ૧૫૦/૨૦૦ રૂપીયાની કીલો તેમજ અન્ય ધનિક દેશોમાં ૩૦૦ થી ૫૦૦ ની કિલો મળતી હોય ત્યારે ભારત જેવા વિશ્વનાં સૌથી વધુ આબાદી ધરાવતા દેશને માત્ર રૂા. ૨૫/- થી ૫૦/- નાં ભાવે સરળતાથી સુલભ અને સસ્તી ડુંગળી મળતી હોય તેની પાછળ બે પરીબળોની કૃપા રહેલી છે જેમાં એક છે કુદરત અને બીજો છે ખેડુત, જે ક્યારેક ઉંચા ભાવો મળશે એવી આશાએ કાયમ ડુંગળીનું વાવેતર અને ઉત્પાદન કરતો રહે છે.

કુદરતની કૃપાના સંદર્ભે આપણે પહેલા દેશમાં ડુંગળીનાં ઉત્પાદનચક્રને જાણવુ જરૂરી છે જે કુદરતની કૃપાથી જ બનેલુ છે, જેનો મેં અગાઉ ઘણી જગ્યાએ ઉલ્લેખ કરેલો છે. દેશનાં જે રાજયોમાં ડુંગળીનું ઉત્પાદન થાય છે તે ક્રમશઃ પુરવઠો પાડે છે.

ઓગસ્ટ / સપ્ટેમ્બરમાં ડુંગળીનો નવો પાક કર્ણાટકમાંથી શરૂ થાય છે ત્યારબાદ મહારાષ્ટ્રનાં કોલ્હાપુર, પુના ડીસેમ્બરમાં રાજસ્થાનના અલવર અને ત્યારબાદ ગુજરાતનાં સૌરાષ્ટ્ર વિસ્તાર તેમજ સમગ્ર મધ્યપ્રદેશ અને મહરાષ્ટ્રમાંથી સતત આવતો રહે છે જે મે માસનાં અંત સુધી આવતો રહે છે. આમાં મહત્વની વાત આપણે જાણવાની જરૂર એ છે કે ઓગસ્ટ માસથી લઈને એપ્રિલ સુધીના ૯ માસ દરમ્યાન બજારમાં આવતી ડુંગળીની ટકાઉ શક્તિ માત્ર ૧૦-૨૦ દિવસ જેટલી જ હોય છે જેનો સંગ્રહ થઈ શક્તો નથી. ખેડુત ખેતરમાં રાખી શક્તો નથી, વેપારી ગોડાઉનમાં રાખી શક્તો નથી અને છુટક વેચવાવાળો દુકાનમાં રાખી શક્તો નથી તેમજ ખાનારે પણ લીલા શાકભાજીની જેમ ઉપયોગ કરી નાખવો પડે છે.

ઓગસ્ટથી એપ્રિલ માસ દરમ્યાન આવતી ડુંગળીની વાત કરી જેનો સંગ્રહ થઈ શક્તો નથી, પરંતુ ચોમાસા માટે જરૂરી ડુંગળી મે માસ દરમ્યાન દેશના અમુક રાજયોમાં વિશીષ્ટ રીતે સંગ્રહ થાય છે જેમાં દેશની કુલ જરૂરીયાતના ૪૫% જેટલો પુરવઠો પુરા પાડતા મહારાષ્ટ્રમાં સૌથી વધુ સંગ્રહ થાય છે ત્યારબાદ અનુક્રમે મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, બીહાર જેવા રાજયોમાં કુલ એકાદ કરોડ ટન જેટલા કાંદાનો સંગ્રહ થાય છે જે ચોમાસા દરમ્યાન સમગ્ર દેશને મળે છે. આ સાથે વિચિત્ર પરિસ્થિતિ આવે છે જે સમજવી ખુબ જરૂરી છે. જુન/જુલાઈમાં રાજસ્થાનનો સીકર અને મથાણીયા (જોધપુર) વિસ્તારનો પાક બજારમાં આવે છે આ ડુંગળીની ટકાઉ શક્તિ માત્ર ૫-૭ દિવસ જ હોય છે. જેને કારણે જે ભાવ આવે તે ભાવે નિકાલ કરવો પડે છે જેથી તે સમયે ખુબ જ સસ્તી ડુંગળી લોકોને મળે છે. જુલાઈનાં અંત સુધીમાં આ પાક પુરો થાય છે ત્યારબાદ ખેતરમાંથી સીધી ડુંગળી બજારમાં આવતી નથી પરંતુ મેં માસમાં સંગ્રહ થયેલ ડુંગળી જ મળી શકે ત્યારે મહત્વની વાત એ બનતી હોય છે કે ઓગસ્ટ માસમાં જુલાઈ કરતા ભાવમાં કીલોદીઠ ૧૫-૨૦ રૂપીયાનો સીધો વધારો થાય છે. તેનું કારણ સંગ્રહની ડુંગળી જેની પડતર જ ઉંચી હોય તે બજારમાં આવે તે છે.

સંગ્રહની ડુંગળીના ભાવો ઉંચા હોવાનું કારણ તે ચોકક્સ વિસ્તારમા પાક્તી અને ચોકક્સ પ્રકારની ગુણવત્તા ધરાવતી હોય ખેતરમાં જ તેના ભાવ કીલોના ૧૨-૧૫ જેટલા હોય છે. ત્યારબાદ ચોકક્સ પ્રકારના ગોડાઉન (મેડા/ચાલ) માં સંગ્રહ થતી હોય, દર મહીને તેનું ગ્રેડીંગ કરવુ પડતુ હોય તેમાં ખુબજ ખરાજાત લાગે છે અને ભાવવધારા માટે સૌથી અસર કરતી બાબત તેમાં આવતી વજનઘટ છે. સંગ્રહ કર્યા બાદ તેમાં ક્રમશઃ ૧૦ ટકાથી ૫૦ ટકા જેટલી વજનઘટ આવે છે. જેથી મેં માસમાં ૧૨-૧૫ માં સંગ્રહ થયેલ ડુંગળી સપ્ટેમ્બર-ઓકટોમ્બરમાં ખરાજાત અને ઘટને કારણે સંગ્રહકર્તાને ૨૫ થી ૩૦ માં કીલોદીઠ પડતર થાય છે. જેનો વપરાશકર્તા રાજયોમાં મોકલવામાં આવે તો તેનો ૫ થી ૧૦ રૂપીયા કીલોદીઠ ખર્ચ આવે જેના કારણે આ ડુંગળી સપ્ટેમ્બર માસમાં દીલ્હી, કલક્તા, મદ્રાસ, ગૌહતી, સીલીગુડી જેવા શહેરોમાં હોલસેલ બજારમાં ૩૦ થી ૪૦ માં કીલોદીઠ વેચાય છે. જે રીટેઈલ માર્કેટમાં ૫૦ થી ૬૦ માં વેચાણ થાય ત્યારે સંગ્રહકર્તાની મુળ રકમ ઉભી થાય છે.

ઉપરોક્ત પરિસ્થિતિ સમજતા જણાશે કે ઓકટોમ્બર-નવેમ્બરમાં ડુંગળીનો છુટક ભાવ રૂા.૫૦-૬૦ કીલોનો હોવો તે સહજ અને સ્વાભાવીક છે આ ભાવને મોંઘો ગણી શકાય નહીં અને આ ડુંગળીનો સંગ્રહ કરનાર ખેડુત કે વેપારી જે ડુંગળીમાં ટોટલ લોસ (સંપુર્ણ નાશ) નાં જોખમ સાથે સંગ્રહ કરે છે (જે સરકાર ક્યારે પણ ના કરી શકે) તેને વ્યાજબી નફો મળવો જોઈએ જેથી તે આ વ્યવસાયથી વીમુખ ના થાય અને દેશને ગરીબની કસ્તુરી કહેવાતી ડુંગળીનો સરળ અને સહજ પુરવઠો મળી રહે.

ઉપરોક્ત સમગ્ર હકિક્ત જાણ્યા પછી એ જાણીએ કે ક્યારેક સપ્ટેમ્બર / ઓકટોમ્બર / નવેમ્બર માસમાં ભાવો કીલોદીઠ ત્રણ આંકડામાં કેમ થઈ જાય છે? દર ત્રણ વરસે સરેરાશ આવુ બનતુ હોય છે. તેનું કારણ તે સમયે સંગ્રહમાં રહેલી ડુંગળી પુરી થવામાં હોય અને કર્ણાટક કે મહારાષ્ટ્રનાં આવનાર નવા પાકમાં વરસાદથી નુકશાન થાય. આ પરિસ્થિતિમાં માંગ અને પુરવઠાના ગણિત મુજબ ભાવો વધી શકે. દેશની દરરોજની ડુંગળીની જરૂરીયાત ૪૫૦૦૦ થી ૫૦૦૦૦ ટન જેટલી છે જયારે આવા સંજોગોમાં ક્યારેક પુરવઠો દૈનિક માત્ર ૫ થી ૧૫ હજાર ટન જ મળતો હોય તેવો સમય આવે ત્યારે ભાવો વધી શકે, જેના માટે આગળ કહયુ તેમ માત્ર કુદરત જ જવાબદાર છે તે વાસ્તવીક્તા સ્વીકારવી જોઈએ અને સરકારે પણ પોતે જવાબદાર છે તેવુ માથે લઈને ફરવાને બદલે લોકોને આ વાસ્તવીક્તા જણાવવાની જરૂર છે, જેથી ભાવ ઘટાડવાના આડેધડ પગલા લઈને ખેડુતોને નુકશાન થાય તેવી પરિસ્થિતિ અટકાવી શકાય.

ઉપરોક્ત હકિક્ત જાણ્યા પછી સહજ પણે સમજાશે કે આમાં સરકાર જવાબદાર નથી હવે જાણીએ વચેટીયાની ભુમિકા.

### વચેટીયા

આપણે જાણીએ છીએ દરેક વ્યવહારોનાં વચેટીયા (એજન્ટ) ની ભુમિકા હોય છે. ડુંગળીનાં ઉત્પાદક સ્થળે જે વચેટીયા હોય છે તે ૨% જેટલુ કમીશન લઈને ખેડુતની ડુંગળીની હરરાજી, તોલ અને નાણાની ચુક્વણી કરે છે અને ખેડુતને જરૂરી ધીરાણ કે બારદાન વિગેરેની વ્યવસ્થા પણ પુરી પાડે છે. ત્યારબાદ આ ડુંગળી દેશાવરોમાં વેચાણ માટે જે તે ખરીદનાર વેપારીઓ મોકલે છે ઉપરનાં દેશાવરોના ભાવોને ધ્યાનમાં લઈને ભાડુ, કમીશન, ઘટ, મજુરી વિગેરે ગણતરી કરી પડતર મુજબ ખરીદી કરી વેચાણ માટે કે તેમના વતી કરીને મોકલે છે જેમાં પણ ૨ થી ૩ ટકા જેટલુ કમીશન લાગતુ હોય છે. જેના માટે દેશાવરોમાં કામ કરતા કમીશન એજન્ટો વેચાણ વ્યવસ્થા અને નાણાકીય ચુક્વણીનું કામ કરે છે, અને છુટક વેચનારાઓને પોતાનાં જોખમે કાંદા વેચી જે તે મોકલનાર વેપારીને નાણા ચુક્વી દે છે. આમ આ વચેટીયાની ભુમિકાને કારણે સમગ્ર દેશમાં આ વ્યવસ્થા ચાલી રહે છે અને ઉત્પાદકથી ઉપભોક્તા સુધી આ નાશવંત ચીજ સરળતાથી પહોંચી રહી છે. વચેટીયાઓ આ બધુ કામ બજાર ભાવે કમીશનથી કરે છે અને ભાવ હમેંશા માંગ અને પુરવઠા આધારે ચાલતા હોય છે. ઉદાહરણ તરીકે વર્ષ ૨૦૧૯ ના ડીસેમ્બર માસમાં મહુવા યાર્ડમાં જાહેર હરરાજીમાં ડુંગળીનો હોલસેલ ભાવ કીલોદીઠ રૂા. ૧૦૩/- (મણના રૂા. ૨૦૬૦/-) હતા જે ત્યારબાદ એપ્રિલ-૨૦૨૦ માં માત્ર કીલોદીઠ રૂા. ૩/- થી ૫/- (મણનાં રૂા. ૬૦/- થી ૧૦૦/-) હતા. આ બન્ને પરિસ્થિતિમાં વચેટીયા હતા અને સરકાર પણ હતી, તમે કોને જવાબદાર ગણશો? આ તમામ કારણોસર નાણાકીય જોખમો (ડુંગળી બકાલુ ગણાય એટલે) લઈને આગ સાથે ખેલવા જેવા વ્યવસાય સાથે જોડાયેલા એજન્ટોને વચેટીયાને ભાવ વધારા માટે દોષીત ગણવા ઉચિત નથી.

### સંઘરાખોર

આપણે ડુંગળીનાં સંગ્રહ વિશે જાણ્યુ. સંગ્રહ કરાયેલ ડુંગળીનાં સંપુર્ણ નાશ (ટોટલ લોસ) થવાના જોખમ સાથે સંગ્રહ કરીને ચોમાસા દરમ્યાન જરૂરી પુરવઠો સમગ્ર દશેને જે ખેડુતો કે વેપારીઓ પુરો પાડે છે અને જે કામ સરકાર કોઈપણ સંજોગોમાં કરી શકે તેમ નથી તે કામ કરે છે માટે તેને સંઘરાખોર નામની ગાળ દેવાને બદલે સંગ્રહકાર કહેવો જોઈએ, તેનાં કામને પ્રજાની સેવાનું કામ ગણવુ જોઈએ, કુલ એક કરોડ ટનના સંગ્રહમાં સરકાર વધીને ૨-૫ લાખ ટનનો સંગ્રહ કરી શકે તેનાથી વધારે કરી ન શકે ત્યારે આ પ્રવૃતિને પ્રોત્સાહીત કરવી જરૂરી છે. (સંગ્રહ માટેની આ બાબત અન્ય જણસીઓને લાગુ પડતી નથી)

### કાળા બજાર

સરકાર, વચેટીયા અને સંઘરાખોર વિશે જાણ્યા પછી આપણે કાળા બજાર અંગે જાણીએ આપણે અખબારો અને મીડીયામાં વારંવાર વાંચીએ અને સાભળીએ છીએ કે ખેડુતને ખેતરમાં ખુબ નીચા ભાવ મળે, હોલસેલમાં તેના કરતા વધારે અને હોલસેલ કરતા છુટક બજારમાં કીલોદીઠ ૧૫-૨૦ રૂપીયા કીલોદીઠ વધારે ભાવથી વેચાણ થાય છે. એવુ માનવામાં આવે છે કે હોલસેલમાંથી ખરીદીને છુટક વેચનાર કાળાબજાર કરે છે કે બેફામ નફાખોરી કરે છે, ખરેખર હકિક્તમાં આવુ નથી.

નવેમ્બર થી જાન્યુઆરી સુધી બજારમાં આવતી નવા પાકની ડુંગળી અને ઓગસ્ટથી નવેમ્બર સુધી સંગ્રહની બજારમાં આવતી જુની ડુંગળીમાં ઉગાવો થાય છે તેમજ ઘણો જ બગાડ થાય છે. જેથી છુટક વેચનારને પોતાનું મહેનતાણુ ૫૦-૧૦૦ કીલો ડુંગળીમાં કાઢવાનુ હોય છે. સાથે વજનઘટ તથા બગાડ ખુબજ થતો હોય અને નહીં વેચાયેલ ડુંગળી ક્યારેક ફેંક્વી પડતી હોય છે જેના કારણે તે ખરીદ ભાવ કરતા ગણતરીપુર્વકના વધુ ભાવે વેચાણ કરે તો જ તે આ કામ કરી શકે. છુટક બકાલુ વેચીને કોઈએ બંગલા બનાવ્યા હોય તેવા દાખલા સમાજમાં જોવા નહીં મળે. આ હકિક્ત જેને ખોટી જણાતી હોય તેમણે અખતરો કરવો જોઈએ કે આ છુટક ડુંગળીનો વ્યવસાય શરૂ કરવો જોઈએ, જો મોટી કમાણી થતી હોય તો આ કામ કરવુ સહેલુ છે કારણ કે તેમાં રોકાણ કરવુ પડતુ નથી, ઉધાર ડુંગળી મળે અને રોકડેથી વેચી શકાય, કોઈ શૈક્ષણીક લાયકાતની જરૂર નથી, માત્ર તોલા, કાંટો અને લારી કે માર્કેટમાં થડાની જરૂર પડે. હોલસેલમાંથી છુટક વેચાણ વીતરણ માટે સરકાર વ્યવસ્થા કરી શકે તો કદાચ આ ભાવફેરને ઓછો કરી શકાય. અન્યથા આ પરિસ્થિતિની વાસ્તવીક્તા જાણી સ્વીકારવી જોઈએ. બીજુ વિશેષ વાત એ છે કે છુટકમાં જે ઉંચા ભાવ બોલાતા હોય છે તે એકદમ બેસ્ટ ક્વોલીટીનાં હોય છે જે માત્ર ૨૦% જેટલી ડુંગળી જ હોય છે. જેનાથી ભાવો ઉંચા લાગે પરંતુ બાકીની ૮૦% ડુંગળી કીલોદીઠ ૧૦-૧૫ રૂપીયા ઓછે વેચાતી હોય છે. જે સામાન્ય અને મધ્યમ વર્ગ ખરીદી કરે છે. મોલમાં વેચાતી ડુંગળીનાં મુલ ખુબ ઉંચા હોય છે. જે બજાર ભાવ ગણી શકાય નહી. ડુંગળીનાં કાળા બજાર શક્ય નથી કારણ કે તે લાંબો સમય ગોડાઉન કે દુકાનમાં રાખી શકાતી નથી.

ઉપર મુજબ આપણે ડુંગળીનાં ભાવવધારા વખતે ચર્ચામાં આવતા શબ્દો સરકાર, વચેટીયા, સંઘરાખોર અને કાળાબજાર વિશે વાસ્તવીક્તા જાણી. ડુંગળી વીશીષ્ટ પ્રકારની તેમજ અનેક વિશેષતાઓ ધરાવતી ખેત ઉત્પન્નની જણસી છે. જેથી તે અંગેની અન્ય બાબતોને સમજીને બીજી જણસીઓથી કઈ રીતે અલગ પડે છે તે જાણીને તેનાં ભાવની વધ ઘટને સહજપણે સ્વીકારી સરકારે કે મીડીયાએ તેને છેડછાડ કરી પ્રભાવીત કરી ઉત્પન્ન કરનાર ખેડુતને અન્યાય કરવો જોઈએ નહી.

ડુંગળી લીલા શાકભાજી પ્રકારનો પાક છે. એક ઉદાહરણ તરીકે અન્ય ખાદ્યચીજો જે તે શહેરની જરૂરીયાત મુજબ તે શહેરમાં ઉપલબ્ધ હોય છે. દાખલા તરીકે ઘંઉ, બાજરો, ચણા કે તમામ પ્રકારની દાળો, ખાંડ તેમજ બટેટા પણ શહેરમાં કોલ્ડ સ્ટોરેજમાં જે તે શહેરમાં હોય છે પરંતુ ડુંગળી નથી હોતી. અમદાવાદ, વડોદરા, દિલ્હી કે જલંધર, ગૌહાટી, મદ્રાસ કે બેંગ્લોર જેવા તમામ નાના મોટા શહેરોમાં ડુંગળી દૈનિક જરૂરીયાત મુજબ દેશના અમુક રાજયોનાં ચોકક્સ સ્થળોએથી જ દરરોજની જરૂરીયાત મુજબ આવતી હોય છે. આનુ કારણ જાણવાની જરૂર છે. તે કારણ એ છે કે તેનો ઉત્પાદન વિસ્તાર ચોકક્સ હોવા ઉપરાંત તેની ગુણવતા અલગ અલગ છે. જરૂરી સંગ્રહ પણ ચોકક્સ વાતાવરણમાં ચોકક્સ વિસ્તારમાં જ થઈ શકે છે. તે વરસમાં ૯ મહિના સીધી ખેતરમાંથી આવે છે તેના સંગ્રહની મર્યાદાઓ છે, જે અમુક વાતાવરણમાં અમુક વિસ્તારોમાં જ થાય છે. દરેક શહેરોમાં બાકીની જણસીઓ હોય છે. પણ ડુંગળી નથી હોતી. તેનો જરૂરી પુરવઠો દૈનિકપણે આવતો હોય છે તે રીતે તે અન્યથી અલગ પડે છે.

ડુંગળી ઉત્પાદનની પ્રક્રિયા પણ અન્ય પાકોથી અલગ છે. તેનુ બીયારણ વાવીને ૨ મહિનાનો રોપ થાય ત્યારબાદ તેને ટ્રાન્સપ્લાન્ટ (ફેર રોપણી) કરવી પડે છે. જે ૯૦ થી ૧૦૦ દિવસે પાકે છે. જેથી કુલ ૬ મહિનાનો સમય તેમાં લાગે, ઉપરાંત તેમાં વરસાદ, ઝાકળ વિગેરેને કારણે રોગ આવવાથી નુકશાન થતા વધુમાં વધુ જોખમ રહે છે. વાવેતર અને લણણી માટે વધારે મજુરોની જરૂર પડે ઉપરાંત દર પાંચમાં દિવસે પિયત આપવાની જરૂર પડે, કુવાનું કે દારનું પાણી ક્યારેક અચાનક ખલાસ થઈ જાય તો ઉભો પાક સંપુર્ણ નાશ થવાના બનાવો બને જેથી અન્ય તમામ પાકો સામે ડુંગળી પકાવવાનો ખર્ચ અને જોખમ અનેકગણા રહેલા છે. આમ છતા ખેડુત કાયમ માટે વાવતો રહે છે. કારણ કે ડુંગળી જેમ ગરીબની કસ્તુરી છે તેમ ખેડુતો માટે લાકડાનો લાડુ છે. તેના અમર્યાદીત ભાવની વધઘટને કારણે ક્યારેક ડુંગળી ખુબજ પૈસા આપે છે. પણ ક્યારેક ઉભા પાકમાં રોટાવેટર ચલાવી નાશ પણ કરવો પડે છે. છેલ્લા એક દશકામાં ખેડુતોએ સાત વખત નુકશાની કરીને પોતાની ડુંગળી વેચી છે જે એ.પી.એમ.સી. નાં રેકર્ડ ઉપર છે.

ઉપરોક્ત કારણસર ડુંગળીનાં ભાવોની વધઘટ (ખાસ કરીને વધારો) સહજપણે સ્વીકારી તેમાં દખલગીરી કરવી જોઈએ નહી. હવે ડુંગળી માત્ર ગરીબોની કસ્તુરી નથી રહી પરંતુ તે ધનિકોના વ્યંજનોનો સ્વાદ વધારતી એક સામગ્રી પણ છે. જેથી મોંઘી થાય ત્યારે થોડો સમય મર્યાદામાં ખાવી તે શ્રેષ્ઠ ઉપાય છે. જૈન અને સ્વામિનારાયણ સંપ્રદાયનાં લોકો ડુંગળી ખાધા વીના પણ જીવે છે. મોંઘી ડુંગળી ખાયને કોઈએ આપઘાત કર્યો હોય તેવો દાખલો સમગ્ર દેશમાં નથી, પણ નુકશાનીને કારણે ખેડુતો બરબાદ થયા હોય અને આપઘાત કર્યા હોય તેવા દાખલાઓ ઘણા બન્યા છે. જેથી ડુંગળી સસ્તી ખાવા મળે ત્યારે ખેડુત પરિવારની વેદનાનો અહેસાસ થવો પણ જરૂરી છે.

ઘણી વખત અખબારો કે મીડીયા ડુંગળી અંગેની વાસ્તવીક્તા જાણ્યા વગર સરકાર કે બજાર સમિતિઓ ઉપર પણ દોષારોપણ કરતા હોય છે. તેમને જણાવવાનું કે બજાર સમિતિ ખેડુતોના ખેત ઉત્પન્નને વેચાણ માટે સુવિધા આપતુ માત્ર એક પ્લેટફોર્મ છે. દરેક ચીજોનાં ભાવો માંગ અને પુરવઠા આધારીત જ રહેતા હોય છે. ૧૦૦ રૂપીયાની કીલો અને ૫ રૂપીયાની કીલો હોલસેલમાં જાહેર હરરાજીમાં વેચાયાનાં બનાવો બજાર સમિતિઓમાં જ બને છે. બન્ને પરિસ્થિતિ માંગ અને પુરવઠાનાં નિયમ મુજબ સર્જાય છે. બજાર સમિતિની તેમાં કોઈ ભુમિકા હોતી નથી.

આપણે આગળ લખ્યા મુજબ ડુંગળી સપ્ટેમ્બર થી લઈ ડીસેમ્બર માસમાં સંગ્રહ કરાયેલી ડુંગળી બજારમાં આવતી હોય ખરાજાત અને ૩૦ થી ૫૦ ટકા જેટલી વજન ઘટને કારણે તે સમય દરમ્યાન દેશનાં મુખ્ય શહેરોમાં છુટક ભાવો કીલોદીઠ ૫૦ થી ૬૦ રૂપીયા સ્વાભાવીક છે તે મોંઘા નથી, પરંતુ પડતરનાં ભાવો છે. આ ભાવો ત્યારે વધી શકે જયારે સંગ્રહમાં રહેલી જુની ડુંગળી પુરી થવામાં હોય અને નવા પાકમાં વરસાદથી નુકશાન થાય. એક કરતા વધુ વાર વરસાદ ડુંગળીનાં પાક ઉપર પડે તો તેનો નાશ પણ થઈ શકે જેથી આવા સમયે વધતા ભાવોને કોઈ રોકી શકે નહી, કારણ કે ઘણા વરસો એવા આવ્યા છે જયારે દૈનિક ૫૦૦૦૦ ટનની જરૂરીયાત સામે પુરવઠો માત્ર ૫ થી ૭ હાજાર ટન જ હોય. આમ કુદરતી કારણો માટે ખેડુત, વેપારી કે સરકારને જવાબદાર માની રાજકીય મુદો બનાવવાથી પણ દુર રહેવુ જોઈએ. સરકાર ગમે તે પક્ષની હોય જેમ લીલા શાકભાજીમાં છત અછતના ભાવો હોય છે. તેમ ડુંગળીમાં પણ બને છે એક સમયે ૮૦ રૂપીયાના કીલો વેચાતા રીંગણા, દુધી કે ભીંડો ક્યારેક ટ્રેકટરમાં ભરી પશુઓને ખવડાવવા પડે તેવુ વારંવાર બને છે. આ વધઘટ ખેડુત જ સહન કરી શકે, જેથી તેને સહજ રીતે મળાવાપાત્ર ભાવોમાં વિક્ષેપ ઉભો કરવો તે ખેડુતને અન્યાય કરવા બરાબર છે. ખેડુત પોતાનાં પરિવારનાં ભરણપોષણ માટે પણ ડુંગળી પક્વે છે માત્ર લોકોને સસ્તી ખવડાવવા માટે નહીં. તે વાસ્તવીક્તા આપણે દરેકે ધ્યાનમાં રાખવી જરૂરી છે.

ડુંગળી વિશે હજુ ઘણુ લખી શકાય પણ પાયાની વાત અને વાસ્તવીક્તા સૌની જાણમાં મુક્વા પ્રયાસ કર્યો છે. અંતમાં ડુંગળીનાં ભાવોની અમર્યાદીત વધઘટને મર્યાદીતપણે કાબુમાં રાખવા સરકારે ડુંગળી નિતી બનાવવાની જરૂર છે. જે વહેલીતકે બનાવવી જોઈએ જેમાં નિષ્ણાંતો અને અનુભવીઓની એક સમિતિ બને જેમાં, ઉત્પાદન, વીતરણ, વેચાણ, ટ્રાન્સપોર્ટેશન, સંગ્રહ, નિકાસ, પ્રોસેસીંગ વિગેરે મુદા અંગે વ્યાપક ચર્ચા થાય અને દરેક બાબતે ચોકક્સ નિતી નકકી કરવામાં આવે તેમજ ખેડુતોને નુકશાની સામે વળતરની ચોકક્સ યોજના કે જે સ્વયં સંચાલીત અમલીકરણ ધરાવતી હોય તેવી બનાવવી જોઈએ. અંધારામાં તીરો માર્યા કરવાથી ક્યારે પણ પરિણામ ન આવે પણ બેક્સુર/ઘાયલ થાય તેવુ બનતુ હોય છે. જેથી સરકારને વિનંતી સહ રજુઆત છે કે વહેલાસર ડુંગળી નિતી બનાવવામાં આવે. ૧૯૯૮ માં ડુંગળી મુદે સરકાર ગયા પછી ૨૫ વરસે પણ સરકાર ગયા પછી પણ સરકાર લોકોને ડુંગળીનાં ભાવવધારા માટે પોતે જવાબદાર નથી તે વાસ્તવીક્તા જણાવી શકી નથી, જેનો ભોગ ખેડુતો બની રહયા છે.

ડુંગળી મોંઘી થાય ત્યારે તેના થોડા વિકલ્પો છે જયારે સસ્તી થાય ત્યારે પણ અમુક વિકલ્પો છે જેનાથી અમુક અંશે વધઘટને મર્યાદીત કરી શકાય તેમ છે. જેના માટે ડુંગળી નિતી પાયાની જરૂરીયાત છે.

**બાંગલાદેશ જેવા ગરીબ દેશમાં ૧૫૦/૨૦૦ રૂપીયાની કીલો તેમજ અન્ય ધનિક દેશોમાં ૩૦૦ થી ૫૦૦ ની કિલો મળતી હોય ત્યારે ભારત જેવા વિશ્વનાં સૌથી વધુ આબાદી ધરાવતા દેશને માત્ર રૂા. ૨૫/- થી ૫૦/- નાં ભાવે સરળતાથી સસ્તી ડુંગળી મળતી હોય તેની પાછળ બે પરીબળોની કૃપા છે**

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અમરેલીની કોર્ટમાં અમરેલી**
**અપીલ રજી. નં. ૦૬-૨૦૨૪**
અરજદાર : શ્રી ધનીબેન બાલાભાઈ જોગસવા રે. સોમનાથ મંદિર પાસે, જીવાપરા, ભરવાડ વાડો, મુ.અમરેલી તા.જી.અમરેલી
સામાવાળા : જન્મ મરણ રજી.શ્રી નગરપાલિકા કચેરી, મુ.અમરેલી તા.જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી ગામના ધનીબેન બાલાભાઈ જોગસવા તેઓનો પુત્ર રમેશભાઈ બાલાભાઈ જોગસવાનો જન્મ તા.૦૧-૦૬-૧૯૮૯ ના રોજ થયેલ હોવા ની જન્મ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળા ના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.આજ તા.૨૨-૦૧-૨૦૨૪ ના રોજ મારી સહિ તથા કોર્ટના સીક્કા કરી આપ્યા

કોર્ટનો સિક્કો
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
અમરેલી

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...



- કોઈપણ ઉંમરના વ્યક્તિની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન



કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

**ભાવભરી શ્રધ્ધાંજલી**





સ્વ. ડાયાભાઇ ગણેશભાઇ ફિણાવા | સ્વ. મગનભાઇ શામજીભાઇ માલવીયા

સ્વ. ડાયાભાઇ ફીણાવાના પુત્ર જયવંતભાઇ ડાયાભાઇ ફીણાવા પાંજરાપોળ ગૌશાળામાં મેનેજીંગ ટ્રસ્ટી તરીકેની ફરજ બજાવે છે ગૌશાળામાં.૧૬ વર્ષ થવા છતા આ ગોજારો અકસ્માત પાંજરાપોળ ટ્રસ્ટીગણ ભુલી શકતા નથી બંને પરિવાર પર ગૌમાતાના આશીષ રહે એ જ અભ્યર્થના. સાથે સાથે બંને સ્વજનોને હદયપુર્વક શ્રધ્ધાસુમન અર્પિત કરીએ છીએ.

લી.
**પાંજરાપોળ ગૌશાળા અમરેલી**
ભુપતભાઇ શાહ (મુંબઇ) - દિલીપભાઇ પરીખ
મુકુન્દભાઇ વી. ગઢીયા - મુકુન્દભાઇ જી. મહેતા
પ્રફુલભાઇ હુંમર - વસંતભાઇ પોકળ

MARUTI SUZUKI ARENA
VITARA BREZZA
WICKEDLY POWERFUL



Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999
Alpha Autolink
મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર)
લાઠી રોડ બાયપાસ
અમરેલી

... સોનેરી સંબંધો માટે સુવર્ણ ભેટ ...
999 24K Gold Leaf



Car Stand | Wall Decor Frame | Table Frame
₹850 થી શરૂ થતી વિશાળ રેંજ
MGA મધુવન ગોલ્ડ આર્ટ Since : 2000
સોના-ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી. 02792 - 222208 94264 23006
madhuvan gold art | madhuvangold.in

સ્પે. કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર
સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર
ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન
દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા
બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ
કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા
લેહ લદાખ
દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ



પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફલાઇટ બુકિંગ • વિઝા
મિથ્સ હોલીડેઝ
૭૫, ગ્રાઉન્ડ ફલોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩

ગુલાબી ઠંડીના માહોલમાં વાનગીઓ બનશે ચકાચક...



સોમનાથ બેસનનું નવુ નજરાણુ
'' સોમનાથ બ્રાન્ડ બેસન ''
વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ખમણ માટે સ્પેશ્યલ
તેમજ અમૂલ બેસન
મારૂતિ બેસન
અવધ સ્પે. કરકરો
અમૂલ સ્પે.કરકરો
અમુલ બેસન તેમજ અમુલ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ કિલો પેકીંગમાં ઉપલબ્ધ
દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
સોમનાથ બેસન ઇન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૮૨-૧, જી.આઇ.ડી.સી. અમરેલી
ફોન : ૨૪૦૧૧૧ / ૨૪૦૪૧૧ મો.૯૮૨૪૨ ૩૦૫૧૫

સોનાની લગડી જેવા અતિ મોકાના પ્લોટ વેચવાના છે
અમરેલીના હદયસમા એવા ચિતલ રોડ ટચ ઉગમણા બારનાં મેઇન રોડથી તદ્દન નજીક અતિ મોકાના પ્લોટ વેચવાના છે
માત્ર જુજ પ્લોટ જ બાકી હોય, વહેલા તે પહેલાના ધોરણે સંપર્ક કરવો
આપની જરૂરીયાત મુજબ મકાન બાંધકામ પણ કરી આપીશું
સબ પ્લોટીંગ અને રજાચિઠી સાથેના રાષ્ટ્રીયકૃત બેંકમાં લોનેબલ
-:: સંપર્ક ::-
હિરેનભાઇ બાબરીયા મો.૯૩૨૮૨ ૮૨૧૨૧
સંજયભાઇ દાફડા મો.૯૯૭૯૨ ૪૧૪૭૨

(F & O) ફ્યુચર્સ & ઓપશન
■ નીફ્ટી ■ બેંક નીફ્ટી ■ ફાયનાન્સ નીફ્ટી
૯૯% એક્યુરીસી ટ્રેડ ટીપ લેવા માટે મળો

| પર્સનલ મ્યુચ્યુઅલ ફંડ | મુદલ | મુદત | મળવાપાત્ર |
|---|---|---|---|
| (૧) સુપર મેગા ઓફર | ૧૦૦૦૦૦ | ૧૪ માસ | ૨૦૦૦૦૦ |
| (૨) વન ટાઇમ ડિપોઝીટ | ૧૦૦૦૦૦ | ૩ વર્ષ | ૨૦૦૦૦૦ |
| (૩) મંથલી SIP | ૬૦૦૦૦ | ૫ વર્ષ | ૧૨૦૦૦૦ |
| (૪) ડેઇલી રીકરીંગ | ૩૬૫૦૦ | ૩૬૫ દિવસ | ૫૦૦૦૦ |

-:: સંપર્ક ::-
પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
એડ્રેસ :- મીરા આર્કેડ, પહેલા માળે, SBI બેંક સામે, લાઇબ્રેરી રોડ, અમરેલી
વિપુલ એચ.ચાવડા (એકાઉન્ટન્ટ) : મો.૯૮૭૯૮ ૮૪૯૭૯
પાર્થ વી.ચાવડા : મો.૯૩૨૮૪ ૭૯૦૭૮
સંપર્ક સમય : સાંજના ૪:૩૦ થી ૭:૩૦
વિશ્વાસ, પ્રોફિટ તમારા સફળતા અમારી

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
# અવધ ટાઇમ્સ
તા.૦૪-૨-૨૦૨૪ રવિવાર

# પાકિસ્તાન જેમને કાશ્મીરના શહીદો ગણાવે છે એ બધા વાસ્તવમાં કાશ્મીરીઓના હત્યારા છે

પાકિસ્તાનમાં ગમે તે રાજકારણી હોય કે ઉચ્ચ હોદ્દા પર બેઠેલો માણસ હોય, ભારત વિરોધી માનસિકતા છોડી શકતો નથી તેથી જમ્મુ અને કાશ્મીર મુદ્દે હળાહળ જુઠાણાં ચલાવીને ભારતને બદનામ કરવાની કોઈ તક જવા દેતો નથી. પાકિસ્તાનમાં આઠ ફેબ્રુઆરીએ યોજાનારી નેશનલ એસેમ્બલીની ચૂંટણીના કારણે વચગાળાની સરકાર રચાઈ છે. પાકિસ્તાનની આ વચગાળાની અથવા તો રખેવાળ સરકારના વિદેશ પ્રધાન તરીકે જલીલ અબ્બાસ જિલાની છે. જિલાની રાજકારણી નથી પણ ભૂતપૂર્વ રાજદ્વારી છે પણ આ બધા કહેવાતા પાકિસ્તાનીઓના માનસમાં ભારત વિરોધી ઝેર ભરેલું છે તેથી જિલાની પણ રાજકારણીઓની જ ભાષા બોલે છે.

જિલાની હમણાં બેલ્જિયમની રાજધાની બ્રસેલ્સ ગયેલા. જિલાનીની હાજરીમાં પાકિસ્તાની દૂતાવાસમાં કાશ્મીર એકતા દિવસની ઉજવણી કરવામાં આવી ને એ ટાણે જિલાનીએ ભારત સામે ભરપૂર ઝેર ઓક્યું. જિલાનીના દાવા પ્રમાણે, ભારતે જમ્મુ-કાશ્મીર પર ગેરકાયદેસર રીતે કબજો જમાવ્યો છે અને ભારત લશ્કરી તાકાતથી જમ્મુ-કાશ્મીર પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરી રહ્યું છે. જિલાનીના કહેવા પ્રમાણે, જમ્મુ અને કાશ્મીરનાં લોકો ભારતના લશ્કરનો પૂરી બહાદુરીથી સામનો કરીને લડી રહ્યાં છે અને શહીદ પણ થયાં છે.

જિલાનીએ કાશ્મીરમાં ભારતીય અત્યાચારનો સામનો કરીને પોતાનો જીવ ગુમાવ્યો છે એવા શહીદોને શ્રધ્ધાંજલિ આપીને દાવો કર્યો કે, ભારત કાશ્મીરીઓની ઈચ્છાને દબાવવામાં નિષ્ફળ રહ્યું છે અને તેમના બલિદાનને ઈતિહાસમાં યાદ કરવામાં આવશે. જિલાનીએ એવું ડહાપણ પણ ડહોળ્યું કે, જમ્મુ અને કાશ્મીર સમસ્યાનો ઉકેલ યુએન સિક્યુરિટી ઠરાવો અને કાશ્મીરીઓની ઈચ્છા મુજબ આવશે ત્યારે જ દક્ષિણ એશિયામાં શાંતિ સ્થપાશે.

જિલાનીએ જમ્મુ અને કાશ્મીરની ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ની નાબૂદીની વાત પણ કરી નાંખી. જિલાનીએ આંતરરાષ્ટ્રીય સમુદાયને આગળ આવીને જમ્મુ-કાશ્મીરમાં ભારત દ્વારા થઈ રહેલા માનવાધિકાર ઉલ્લંઘનનો વિરોધ કરવા અપીલ પણ કરી નાંખી. જિલાનીએ પાંચ ગસ્ટ ૨૦૧૯ના રોજ લેવાયેલા ભારત સરકારના નિર્ણયને પાછો ખેંચાવીને કાશ્મીરમાં કલમ ૩૭૦ ફરીથી લાગુ કરવા માટે દબાણ લાવવા પણ અપીલ કરી છે.

જિલાનીની હાજરીમાં જમ્મુ અને કાશ્મીરના વીડિયો બતાવાયા કે જેમાં જમ્મુ-કાશ્મીરમાં ભારત દ્વારા ગુજારાતા અત્યાચારના કારણે લોકોની દુર્દશા થયાનો દાવો કરાયો. આ દુર્દશાનું એક પ્રદર્શન પણ યોજવામાં આવ્યું છે. જિલાનીની વાતમાં નવું કશું નથી કેમ કે પાકિસ્તાનના નેતાઓ વરસોથી આ રેકર્ડ વગાડ્યા કરે છે. શબ્દો અલગ અલગ હોય છે પણ વાત આ જ હોય છે.

પાકિસ્તાનના રખેવાળ વડા પ્રધાન અનવર-ઉલ-હક કાકરે પણ ગયા મહિને આ જ રેકર્ડ વગાડી હતી. નરેન્દ્ર મોદી સરકારે પાંચ ગસ્ટ ૨૦૧૯ના રોજ જમ્મુ-કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ રદ કરીને જમ્મુ અને કાશ્મીરને જમ્મુ અને કાશ્મીર અને લદાખ એમ બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કર્યું તેની સામે સુપ્રીમ કોર્ટમાં ૨૩ અરજીઓ થઈ હતી. પાંચ જજોની બેંચે તમામ અરજીઓની એકસાથે સુનાવણી કરીને ૧૧ ડિસેમ્બરે કલમ ૩૭૦ની નાબૂદીના નિર્ણયને માન્ય રાખતો ચુકાદો આપ્યો હતો.

કકરે આ ચુકાદાને ત્રણ દિવસ પછી ડહાપણ ડહોળેલું કે, કલમ ૩૭૦ની નાબૂદીને માન્ય રાખીને ભારતીય સુપ્રીમ કોર્ટે રાજકીય રીતે પ્રેરિત ચુકાદો આપ્યો છે પણ અમે કાશ્મીરના લોકો માટે નૈતિક, રાજકીય અને રાજદ્વારી સમર્થન ચાલુ રાખીશું. કાશ્મીર પાકિસ્તાનની નસમાં છે. કાશ્મીર વિના પાકિસ્તાન શબ્દ અધૂરો છે. પાકિસ્તાન અને કાશ્મીરના લોકો વચ્ચે ખાસ સંબંધ છે. રાજકારણથી પર રહીને આખું પાકિસ્તાન કાશ્મીરીઓને પોતાનો નિર્ણય લેવાનો અધિકાર છે એ મુદ્દે તેમની સાથે ઊભું છે.

કકર અને જિલાનીએ જે કંઈ લવારા કર્યા તેનો સાર એ છે કે, પાકિસ્તાન જમ્મુ અને કાશ્મીરનું પૂંછડું છોડવાનું નથી ને ભારત સામે ઝેર ઓકવાનું પણ ચાલુ રાખશે. આ વાતમાં પણ કશું નવું નથી કેમ કે આ વાતો આપણે વરસોથી સાંભળીએ છીએ. તેનું કારણ એ કે, પાકિસ્તાનીઓ જૂના જમાનામાં સ્થગિત થઈ ગયા છે. એ લોકો હજુય ૧૯૪૦ અને ૧૯૫૦ના જમાનામાં જીવે છે જ્યારે ભારત ૨૦૨૪માં પહોંચી ગયું છે એ વાતનો તેમને અંદાજ જ નથી.

પાકિસ્તાનીઓ હજુય યુનાઈટેડ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના ઠરાવનાં ગાણાં ગાય છે પણ એ બધા છરાવો ક્યારના કચરાટોપલી ભેગા થઈ ગયા છે. ૧૯૭૧ના યુદ્ધ વખતે ભારતીય લશ્કરના જવાનોએ પાકિસ્તાનના ૯૩ હજાર સૈનિકોને બંદી બનાવ્યા ને તેમને છોડાવવા માટે ઝુલ્ફીકાર અલી ભુટ્ટોએ મોંમાં તરણું લઈને ભારત સાથે સિમલા કરાર કર્યા ત્યારે જ જમ્મુ અને કાશ્મીરનો મુદ્દો દ્વિપક્ષી થઈ ગયેલો. યુનાઈટેડ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલ કે કોત્રણ પણ ત્રીજા પક્ષની ભૂમિકા હવે રહેતી નથી એવું પાકિસ્તાને જ લખી આપેલું. પાકિસ્તાનના હલકા રાજકારણી પોતે લખી આપેલું પણ, યાદ રાખવા તૈયાર નથી હજુય યુનાઈટેડ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલની રેકર્ડ વગાડ્યા કરે છે.

બીજું એ કે, જમ્મુ અને કાશ્મીરમાં પણ ભારતના કબજા હેઠળનો પ્રદેશ તો મુદ્દો જ નથી. મુદ્દો તો પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)નો છે. વિવાદાસ્પદ પ્રદેશ કાશ્મીરનો એ ત્રીજા ભાગનો હિસ્સો છે કે જેણે પાકિસ્તાને લશ્કરી એડી નીચે દબાવી રાખ્યો છે. ભારતના કબજા હેઠળના કાશ્મીરમાં તો લોકો ભારતના નાગરિકો તરીકે રહે છે, મતદાન કરે છે ને સરકાર પણ ચૂંટે છે. તેમને ભારત સામે વાંધો જ નથી. એ લોકો ભારતના નાગરિકો છે ને તેમના વતી બોલવાનો પાકિસ્તાનને નહીં પણ બીજા કોઈને અધિકાર જ નથી. જમ્મુ અને કાશ્મીરનાં લોકો પણ ભારતીય જ છે. ભારતમાં લોકશાહી છે તેથી તેમને પણ પોતાની સમસ્યાએ વિશે બોલવાનો અધિકાર છે ને તેનો એ ઉપયોગ કરે છે. તેમના વતી બીજા કોઈએ ચમચો હલાલવાની જરૂર નથી.

પાકિસ્તાન જેમને જમ્મુ અને કાશ્મીરના શહીદો ગણાવે છે એ બધા વાસ્તવમાં કાશ્મીરીઓના હત્યારા છે. કાશ્મીરમાં આતંકવાદ ફેલાવતાં ભારતીય લશ્કરના કે જમ્મુ અને કાશ્મીર પોલીસના હાથે મરેલા લોકો માટે કાશ્મીરી શબ્દ પણ ના વાપરી શકાય. પાકિસ્તાન તેમને પોષે છે ને પંપાળે છે તેથી તેમના મોત પર તેણે આંસુ સારવાં જ પડે પણ કાશ્મીરીઓ તેમના મોત પર આંસુ સારતાં નથી કેમ કે તેમને વાસ્તવિકતા ખબર છે.

# લાઠીના દામનગરમાં મહિલા સહિત બે ઉપર હુમલો

## ત્રણ શખ્સોએ મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, લાઠી તાલુકાના દામનગરમાં ખોડીયાર નગરમાં રહેતા કૌશિકભાઈ ભરતભાઈ ગોહિલ ઉ.વ. ૨૮ના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી વિશાલ વિનુભાઈ ઓગાણીયાએ કિશનભાઈને ડાબા ખંભાના ભાગે લોખંડના પાઈપ વડે તેમજ વિપુલ સોમાભાઈ ઓગાણીયાએ પ્લાસ્ટિકના ધોકા વડે ડાબા હાથના પંજા ઉપર મારમારી સાથળમાં બટકું ભરી કૌશિકભાઈના પત્નિ માયાબેનને પીઠના ભાગે સુજલ બાઘાભાઈ ઓગાણીયાએ પ્લાસ્ટિના ધોકા વડે પીઠના ભાગે મારમારી ગાળો બોલી ધમકી આપ્યાની દામનગર પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

જીલ્લા પોલીસ વડા હિમકરસિંહની સુચના અને માર્ગદર્શન હેઠળ

# અમરેલી નજીક ટીંબલામાં એલસીબી અને સાવરકુંડલામાં પોલિસે ઈંગ્લીશ દારૂના દરોડા પાડી બે શખ્સોને ઝડપી લીધા

## ૨૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ ફોરવ્હીલ, મોબાઈલ મળી કુલ રૂા. ૬,૮૮,૪૫૦નો મુદામાલ કબ્જે

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી જીલ્લા પોલિસ વડા હિમકરસિંહની સુચના અને માર્ગદર્શન મુજબ અમરેલીના ટીંબલા ગામે એલસીબી પોલિસે તેમજ સાવરકુંડલામાં પોલિસે ઈંગ્લીશ દારૂના દરોડાઓ પાડી બે શખ્સોને ૨૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ, બે ફોરવ્હીલ અને મોબાઈલ મળી કુલ રૂ/- ૬,૮૮,૪૫૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા. અમરેલી તાલુકાના ટીંબલા ગામે અમરેલી એલસીબીના પો. કોન્સ. ઉદયભાઈ મેણીયાએ ટીંબલા ગામના ત્રીપાલ ઉર્ફે લાલો અનકભાઈ વાળાને સ્વીફટ ફોરવ્હીલ જી.જે. ૦૧ કે.એ. ૪૨૮૪માં જુદી જુદી બનાવટનો ઈંગ્લીશ દારૂ ૧૫૯ બોટલ તેમજ એક મોબાઈલ અને ફોરવ્હીલ મળી દારૂની હેરાફેરી કરતા કુલ રૂ/. ૨,૧૮,૩૦૦ના મુદામાલ સાથે ઝડપી પાડયો હતો. જયારે ગૌતમ કસુભાઈ વાળા સાથે ભાગીદારી કરી બંનેએ પોતાના આર્થિક ફાયદા માટે ઈંગ્લીશ દારૂ યુવરાજ ખાચર પાસેથી મંગાવી ગુનો કર્યાની અમરેલી તાલુકા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સાવરકુંડલા ખાદી કાર્યાલય રેલ્વેફાટક પાસે ફરીજ અશરફખાન પઠાણ પોતાના હવાલા વાળી મહેન્દ્રા કંપનીની એકસ .યુ. વી. ૫૦૦ જી.જે. ૦૩ ઈ.એલ. ૩૪૩૪ માં ઈંગ્લીશ દારૂ ૫૫ બોટલ રૂ/. ૨૦,૧૫૦ તથા ફોરવ્હીલ મળી કુલ રૂ/. ૪,૭૦,૧૫૦ના મુદામાલ સાથે ઝડપી પાડયો હતો. જયારે શીહોરના ફીરોજ દ્વારા મુદામાલ આપી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કર્યાની હે. કોન્સ. રમેશભાઈ સોલંકીએ સાવરકુંડલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ધારીના દલખાણીયા ગામે ડિગ્રી વગરનો બોગસ ડોકટર ઝડપાયો

## દલખાણીયાના મેડીકલ ઓફીસર ભગીરથભાઈ ડોડીયાએ ફરિયાદ નોંધાવી



અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

ધારી તાલુકાના દલખાણીયા ગામે કિશોર ભીખુભાઈ મકવાણા પોતાની પાસે કોઈપણ સરકારમાન્ય એલોપેથીક સારવાર કરવા માટેની ડિગ્રી વગર કલીનીક ચલાવી દર્દીઓ પાસેથી ફી લઈ સારવાર આપી પૈસા વસુલ કરી ડોકટરની રજી. મેડીકલ પ્રેકટીસનરને લગતી ડિગ્રી ન હોવા છતા એલોપેથીક દવાઓ તથા મેડીકલને લગત સાધન સામગ્રી વસ્તુ નંગ -૪૬ કુલ રૂ/.૨૦,૬૨૫ ના મુદામાલ રાખી મેડીકલ પ્રેકટીસ કરી પોતાના આ કૃત્યથી માનવ જીંદગી જોખમાય તેમ હોય. તેવું પોતે જાણવા છતા દર્દીઓને નિદાન સારવાર આપી માનવ જીંદગી સાથે ચેડા કરી ગુનો કર્યાની દલખાણીયા પી.એચ.સી.ના મેડીકલ ઓફીસર ડો. ભગીરથભાઈ મનુભાઈ ડોડીયાએ ધારી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# રાજુલામાં ઝેરી દવા પી જતા યુવાનનું મોત

## ભાવનગર બજરંગદાસ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

રાજુલા ક્રિષ્ના બોયઝ હોસ્ટેલ ભેરાઈ રોડમાં સુત્રાપાડા તાલુકાના પ્રશ્નાવડા ગામના દિપેનભાઈ રામસિંહ કાછેલા ઉ..વ.૨૦ તા. ૧-૨ ના પોતે પોતાની મેળે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતા ભાવનગર બજરંગદાસ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયેલ. જયાં સારવાર દરમ્યાન તેમનું મોત નિપજયાનું ભરતભાઈ મેરામણભાઈ કાછેલાએ રાજુલા પોલિસ મથકમાં જાહેર કરેલ છે. મરણ જનાર યુવાન ઉચૈયા સબ પોસ્ટ ઓફિસમાં છ માસ પહેલા નોકરીએ લાગ્યો હતો અને તેના મિત્ર જોડે ભેરાઈ હોસ્ટેલમાં રહેતો હતો. પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર તેના પરિવાર જનોનો સંપર્ક કરી વધુ હાથ ધરી છે.

# સાવરકુંડલા નજીક નવાગામ જાંબુડા તથા મઢડા વચ્ચે બાઈક સ્લીપ થતા પ્રૌઢનું મોત

## પુરઝડપે બાઈક ચલાવતા બાઈક સ્લીપ થતા માથામાં ગંભીર ઈજા થતા મોત

અમરેલી, સાવરકુંડલા તાલુકાના નવાગામ જાબુંડા તથા મઢડા ગામ વચ્ચે અમરૂભાઈ આપાભાઈ ડેરૈયાની વાડી પાસે ગારીયાધાર તાલુકાના ડમરાળા ગામના ઘનશ્યામભાઈ નારણભાઈ નાવડીયા ઉ.વ. ૫૫ પોતાનું હોન્ડા સ્પ્લેન્ડર જી.જે. ૦૫ કયુ. કયુ. ૯૯૮૮ નું લઈ પુરઝડપે ચલાવતા બાઈક પરનો કાબુ ગુમાવતા બાઈક સ્લીપ થઈ જતા રોડની બાજુમાં ખાળીયામાં ઉતરી જતા માથાના ભાગે ગંભીર ઈજા તેમજ શરીરના ભાગે નાની મોટી ઈજાઓ થતાં મૃત્યુ નિપજયાની પુત્ર મહેશભાઈ ઘનશ્યામભાઈ નાવડીયાએ સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલામાં રમતા રમતા બાળકો ઝગડતા છુટા પાડવા જતાં પરિણીતા ઉપર હુમલો કર્યો

## બે મહિલા સહિત ચારે પાઇપ અને ઢીકાપાટુ વડે મારમાર્યો

અમરેલી, સાવરકુંડલા રાધેશ્યામ સોસાયટી પાવરહાઉસ પાસે મનિષાબેન મનિષભાઈ ઉર્ફે મિથુનભાઈ નગવાડીયા ઉ.વ. ૩૦ની દિકરીઓ શેરીમાં પાડોશીના છોકરાઓ સાથે રમતી હોય અને રમતા રમતા બાળકોમાં ઝગડો થતાં મનિષાબેન બહાર નીકળી જોતા તેમની દિકરીઓ તથા પાડોશીના બાળકો ઝગડો કરતા હોય. જેમની છુટા પાડવા જતાં ધીરૂભાઈ લગવડીયા આવતા તેને સમજાવા જતાં સારૂ નહીં લાગતા ગાળો બોલવા લાગેલ અને રાજુ નગવાડીયાએ આવીને પાઈપનો એક ઘા માથામાં કપાળ ઉપર મારી દેતાં મનિષાબેનના કુટુંબીઓ વચ્ચે પડતાં ધીરૂ નગવાડીયા, રાજુ નગવાડીયા, કાજલબેન નગવાડીયાએ ઢીકાપાટુ વડે માર મારી મનિષાબેનને ધીરૂએ માથામાં મારમારી ઈજા કરી ઢીકાપાટુ વડે મુંઢમાર મારી ધમકી આપ્યાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જિલ્લામાં રવિ પાક ૨૦૨૩ ૨૪ની ટેકાના ભાવે ખરીદી કરાશે

## જિલ્લાના ખેડૂતોએ રવિ પાક-૨૦૨૩-૨૪ ટેકાના ભાવે ખરીદી અન્વયે ઓનલાઈન અરજી કરવી

અમરેલી,

ભારત સરકાર દ્વારા ખરીફ અને રવિપાક-૨૦૨૩-૨૪ તુવેર માટે રૂ.૭,૦૦૦, ચણા માટે રૂ.૫,૪૪૦ અને રાયડા માટે રૂ. ૫,૬૫૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવ જાહેર કર્યા છે. જિલ્લાના તમામ ખેડૂતોએ ટેકાના ભાવે ખરીદી અન્વયે તા.૦૫.૦૨.૨૦૨૪ થી તા.૨૯.૦૨.૨૦૨૪ દરમિયાન ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી વી.સી.ઈ મારફત ખેડૂતોની નોંધણી નાફેડના ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ જાણકારી માટે નજીકના સ્થળે ૭-૧૨, ૮-અ, તલાટી કમ મંત્રીનો વાવેતરનો દાખલો, આધારકાર્ડ અને બચત ખાતાની બેંક પાસબુક નકલ અથવા કેન્સલ ચેકની નકલ લઈને જવાનું રહેશે તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, અમરેલીની એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

# મેંદરડાના રાજેસર ગામે થયેલ લુંટના બનાવમાં આરોપીની ભાળ મળે તો પોલીસને જાણ કરવી



જુનાગઢ, (હિતેષ પારેખ) મેંદરડા તાબેના રાજેસર ગામે થયેલ સોના ચાંદી તથા રોકડ મળી કુલ રૂપિયા ૮૧,૭૦,૦૦૦ની લુંટ અંગે આથી તમામ જવેલર્સ તથા સોની કામનો ધંધો કરનાર વ્યકિતઓ વેપારીઓને જાણ કરવામાં આવે છે કે આરોપી દિપક અશોકભાઈ જોગીયા જાતે સોની રહે. જુનાગઢ ગીરનાર દરવાજા પાસે તથા તેની સાથે બે અજાણ્યા શખ્સો આવી લુંટ ચલાવેલ ફોટામાં બતાવેલ આવો કોઈ શખ્સ સોનાના બિસ્કટ આપની દુકાન/જેવલર્સ/શોરૂમ ખાતે વહેંચવા અથવા ગાળવા માટે આવે તો મેંદરડાના પીએસઆઈ વાય.પી. હડીયા મો. ૯૦૫૪૩ ૩૯૯૫૧ અથવા મેંદરડા પોલીસ સ્ટેશન ૦૨૮૭૨ ૨૪૧૩૯૬ અથવા પોલીસ કંટ્રોલરૂમ ૦૨૮૫ ૨૬૩૭૩૧૮નો સંપર્ક કરવા જણાવેલ છે.

# અમરેલીના વોર્ડ નં. ૭માં સીસી રોડ બનતા ખુશી વ્યાપી

## રોડ બનતા વિસ્તારના લોકોએ આભારની લાગણી વ્યક્ત કરી



અમરેલી, વોર્ડ નંબર સાતમાં હરખની હેલી ભાજપ સરકારની ગેરંટી વિકાસના કામોમાં વોર્ડ નંબર સાતમાં કસ્બા વિસ્તારના તમામ રોડ રસ્તાઓ સીસી રોડ થી સર્જ થઈ રહ્યા છે આ સાથે ટાવર પાસેની કંસારા શેરી તેમજ તેજ વિસ્તારના નાકા ગલીયો ચાંદની ચોક થી માંડી દોલતરાય વિસ્તાર બાપચા વાળામાં. બ્લોકપેવર થિસજ થઈ રહ્યું છે વિસ્તારના વિકાસના કામોમાં પૂરતો સહયોગ અને સપોર્ટ કરતાં માન્ય શ્રી કૌશિકભાઈ વેકરીયા મુકેશભાઈ સંઘાણી નગરપાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાળી તમામ ચેરમેન શ્રીઓ ખુબ ખુબ આભાર માનીને કામને બિરદાવી એ છીએ આવકાર્ય છીએ ભાજપ કાર્યકર્તા ની નોંધ વિશેષમાં વિશેષ લઈ વિકાસના કામોમાં પ્રાધિનૂય આપેલ છે તે બદલ નિઝામ બાપુ કાદરી અઝીઝ ભાઈ ગોરી મુનાભાઈ કાજી અજીમભાઈ લાખાણી અને મુસ્લિમ સમાજના આગેવાન જાવેદખાન પઠાણ આભાર વ્યક્ત કરેલ છે આ સાથે તમામ નેતા શ્રીઓની પૂરી ખાતરી પૂરી ગેરંટી બાકી રહેલ કસ્બાપા વિસ્તારના તમામ રોડ રસ્તાઓ જેવા કે તાઈ વાળો વિસ્તાર રોશન પીર ની દરગાહ આજુબાજુના તમામ નાકા ગલીઓ ધનજી ધોળા નું નાકુ ઓસ્માણપા હજામની ડેલી એવા તમામ રોડ રસ્તાઓ નજીકના સમયમાં કામો શરૂ થશે વિસ્તારના રહીશોની એક જ અપેક્ષા થોડુક સહકાર સમય થોડુક આજુબાજુ થાય વિશ્વાસ પણ અડગ રાખજો ભાજપના કાર્યકર ની ખાતરી એ જ આપના વિશ્વાસુ નિઝામ બાપુ કાદરી અઝીઝ ભાઈ ગોરી ભાજપના આગેવાન શ્રીઓ કાર્યકર્તાઓ એની પૂરી ખાતરી આપી હતી.

☎ 94281 90118
॥ ૐ નમોઃ નારાયણ પ્રભુ ॥
ગમે તેવી ઠંડીમાં પણ થશે ગરમીનો અહેસાસ
વિન્ટર કલેક્શન
એક-એકથી ચડીયાતા
વિન્ટર કલેક્શનની અવનવિ વેરાયટી
વિન્ટર ટી-શર્ટ, હુડી, જેકેટ, ફેન્સીકોટ, હાથ મોજા, ટોપી તેમજ મફલર અને ઘણું બધું...
એક જ ભાવ
ફોર્મલવેર સ્પેશ્યાલીસ્ટ
લગ્ન સિઝનને અનુરૂપ પાર્ટીવેર કલેક્શન
M to 5XL સુધી બધુંજ
UF ઉમિયા ફેશન
(નાના આંકડીયાવાળા)
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી.

# ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

## આજનું પંચાગ

તા. ૪.૨.૨૦૨૪ રવિવાર, સંવંત ૨૦૮૦, પોષ વદ નોમ, વિશાખા નક્ષત્ર, વૃદ્ધિ યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ વૃશ્ચિક (ન,ય) રહેશે.

મેષ (અ,લ,ઈ) : નજીકના ક્ષેત્રો માં મધ્યમ રહે પરંતુ દૂર દેશ થી સારા સમાચાર મળે, આગળ વધવાની તક મળે.
વૃષભ (બ,વ,ઉ) : જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, નવા મિત્રો બનાવી શકો, શુભ દિન.
મિથુન (ક,છ,ઘ) : તબિયતની કાળજી લેવી, ખાવા-પીવા માં ખ્યાલ રાખવો પડે, જીવન પદ્ધતિમાં ફેરફાર કરવા પડે.
કર્ક (ડ,હ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્ર થી મુલાકાત થાય, મનની વાત વ્યક્ત કરી શકો, આનંદદાયક દિવસ.
સિંહ (મ,ટ) : જમીન મકાન વાહન સુખ સારું રહે, પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય કરી શકો, દિવસ લાભદાયક રહે.
કન્યા (પ,ઠ,ણ) : મિત્રોની મદદ થી કાર્ય થાય, ભાઈ ભાંડુ સુખ સારું રહે, પરિવાર સાથે આનંદ કરી શકો.
તુલા (ર,ત) : તમારા સૌમ્ય વાણી વર્તન થી કાર્ય સિદ્ધ થાય, એકધારા પ્રયત્નોથી સફળતા મળે, આગળ વધી શકો.
વૃશ્ચિક (ન,ય) : નોકરી ધંધો શોધતા મિત્રો માટે શુભ દિન, કામકાજમાં સફળતા મળે, દિવસ પ્રગતિકારક અને શુભ રહે.
ધન (ધ,ભ,ફ,ઢ) : કામકાજ માં નુકસાની ના જાય એ જોવું, ભાગીદારીમાં સંભાળવું, નવા સાહસ માં કાળજી રાખવી. મધ્યમ દિવસ.
મકર (ખ,જ) : સગા સ્નેહી મિત્રો થી સારું રહે, લેખન વાંચન મંથન થી આનંદ મળે. રચનાત્મક કાર્ય કરી શકો.
કુંભ (ગ,સ,શ) : વેપારીવર્ગ ને સારું રહે, સ્ત્રી વર્ગ માટે પણ દિવસ ઉત્સાહજનક રહે. નોકરિયાતવર્ગે સમજી ને ચાલવું.
મીન (દ,ચ,ઝ,થ) : ધ્યાન યોગ મૌન થી લાભ થાય, ધાર્મિક કાર્ય માં સહભાગી થઈ શકો. આધ્યાત્મિક ચિંતન થાય, પવિત્ર વ્યક્તિને મળી શકો.

# ધારી ગીરપૂર્વ તુલસીશ્યામ રેન્જમાં વિશ્વ જળ દિવસની ઉજવણી કરાઇ

## પ્રકૃતિ શિક્ષણ કેન્દ્ર ચિખકુબામાં એક દિવસીય કાર્યશાળા

અમરેલી, ધારી ગીર પૂર્વ વનવિભાગની તુલસીશ્યામ રેન્જના કોઠારીયા રાઉન્ડના રાવળ ડેમ વિસ્તારમાં તા. ૨-૨ના વિશ્વજળ પ્લાવિત વિસ્તાર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નાયબ વનસંરક્ષક ગીરપૂર્વ ધારીના રાજદિપસિંહ ઝાલા, મદદનીશ વનસંરક્ષક ઉનાના મનીષભાઈ ઓડેદરા, ધારીના શૈલેષભાઈ ત્રિવેદી, રાવળ ડેમના અધિકારી જયદિપભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મેરેથોન દોડનું આયોજન કરવામાં આવેલ. જેમાં તુલસીશ્યામ રેન્જ, હડાળા રેન્જ, જસાધાર રેન્જના કુલ ૩૫ કર્મચારીઓ દ્વારા ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે વનપાલ એચ. પી. માડમ, દ્વિતીય ફોરેસ્ટ ગાર્ડ એમ.બી. સાકરીયા, તૃતીય ફોરેસ્ટ ગાર્ડ કે.બી. વાઘ, ચોથા ક્રમે ફોરેસ્ટ ગાર્ડ ડી.આર. ગુજરાતી, પાંચમાં ક્રમે આર.એસ. સારલા આવતા તેમની પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં. ત્યાર બાદ પ્રકૃતિ શિક્ષણ કેન્દ્ર ચિખલકુબામાં વિશ્વ જળ પ્લાવિત વિસ્તાર દિવસ નિમિતે ગીરપૂર્વ વનવિભાગના સ્ટાફ માટે એકદિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પક્ષીવિદ શ્રી વિરલ જોષી દ્વારા ગીરપૂર્વ વનવિભાગના અધિકારી અને કર્મચારીને વેટલેન્ટનું મહત્વ બાબતે વિસ્તારથી વેટલેન્ટના પક્ષીઓ તથા અન્ય જીવ સૃષ્ટિ વિશે માહિતી આપવામાં આવી હતી. તેમજ આ પ્રસંગને અનુરૂપ વનવિભાગના ઉપસ્થિત રહેલા અધિકારીઓએ ઉદબોધન કરેલ. આ કાર્યશાળામાં ભાગ લેનાર તમામ કર્મચારીઓને ધારી ગીરપૂર્વ વનવિભાગના નાયબ વનસંરક્ષક રાજદિપસિંહ ઝાલાના હસ્તે પ્રમાણપત્ર અનેયાત કરવામાં આવ્યા હતાં.

# અમરેલી પાલિકામાં આઉટ સોર્સિંગની માહિતી આપવા માંગ

## પાલિકાના કોંગ્રેસના મહિલા સદસ્ય દ્વારા ચિફ ઓફિસરને રજુઆત

અમરેલી,

અમરેલી નગરપાલિકાના કોંગ્રેસના સદસ્યા શ્રીમતી સેંજલબેન પ્રહલાદભાઈ સોલંકી કે અમરેલી નગરપાલિકામાં આઉટ સોર્સિંગનું કામ કરતી એજન્સીનું નામ તેમને આપવામાં આવેલ વર્ક ઓર્ડરની નકલ તેમજ તે અંગે ટેન્ડરની નકલ અને આ કામ પાલિકાને જે એજન્સીને આપેલ તે એજન્સી દ્વારા ટેન્ડર પ્રક્રિયામાં જોડાયેલા તમામ દસ્તાવેજોની નકલ આપવા, આઉટ સોર્સિંગ કામ માટે પાલિકાએ દૈનિક પેપરમાં આપેલી જાહેરાતની નકલ આપવી, આ કામ બાબતે જે તમામ એજન્સીએ ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લીધેલ હોય તેવી તમામ એજન્સીની યાદી આપવા તેમજ તે એજન્સીઓની સંપુર્ણ માહિતી તેમજ ટેન્ડર સાથે જોડાયેલા દસ્તાવેજોની નકલ તથા એજન્સી અમરેલી નગરપાલિકામાં કામ કરતા કર્મચારીઓની યાદી તેમના નામ, આધારકાર્ડ અને સંપુર્ણ બાયોડેટાની નકલ આપવા ચિફ ઓફિસરને રજુઆત કરવામાં આવી છે.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૯૯ થી ૧૪૪૭ મગફળી ૯૯૦ થી ૧૩૭૫

| | | | |
|---|---|---|---|
| અમરેલી માર્કેટ યાર્ડ | લીમડોમીઠો-૯૦-૧૧૦ | મગફળી-૧૧૯૨-૧૨૪૮ | ચણા-૮૯૫-૧૦૭૫ |
| શિંગમઠડી-૯૦૦-૧૨૭૦ | મરચાલીલા-૪૦૦-૭૦૦ | | મગફળી- |
| શિંગમોટી-૯૯૦-૧૩૭૫ | લસણસુકું-૩૫૦૦-૭૬૦૦ | ધારી | ઘઉં-૫૪૫-૫૪૫ |
| જુવાર-૬૧૦-૧૦૯૨ | લીંબુ-૧૪૦૦-૧૫૦૦ | કપાસ-૧૦૦૧-૧૪૨૪ | ધાણા-૧૧૭૦-૧૨૦૭ |
| તલસફેદ-૧૯૫૦-૨૯૫૭ | પાલક-૨૨૦-૨૬૦ | મગફળી-૧૧૩૦-૧૧૯૦ | સોયાબીન-૭૭૦-૮૧૫ |
| તલકાશ્મીરી-૩૮૫૦-૩૯૮૦ | રાજુલાયાર્ડ | તુવેર-૧૦૬૫-૧૭૫૦ | બાજરો-૪૮૭-૪૮૭ |
| બાજરો-૪૫૦-૫૨૦ | બાજરો-૪૪૦-૫૧૫ | સોયાબીન-૭૯૫-૮૩૭ | તુવેર-૧૭૦૦-૧૭૦૦ |
| ઘઉંટુકડા-૪૭૦-૬૨૪ | જુવાર-૪૦૦-૯૨૨ | ચણા- | તલસફેદ-૩૫૦૫-૩૫૦૫ |
| ઘઉંલોકવન-૪૭૬-૫૬૫ | ઘંઉ-૪૭૦-૬૩૦ | મગ- | જુવાર-૧૧૧૧-૧૧૧૧ |
| એરંડા-૭૦૦-૧૧૨૦ | તલસફેદ-૨૫૦૦-૨૮૦૦ | ઘઉં-૫૦૦-૫૫૪ | |
| ચણા-૯૧૫-૧૧૧૭ | ચણા-૭૦૦-૧૩૫૦ | જુવાર- | અમરેલીફ્રુટમાર્કેટભાવ |
| કપાસ-૯૯૯-૧૪૪૭ | સોયાબીન-૮૦૦-૮૧૦ | ધાણા-૧૧૦૦-૧૩૦૩ | ચીકુ-૪૦૦-૯૦૦ |
| રાયડો-૮૯૮-૮૯૮ | શીંગ-૭૦૦-૧૨૮૫ | | દાડમ-૫૦૦-૨૦૦૦ |
| અજમા-૧૮૦૦-૨૪૫૦ | તુવેર-૧૯૦૧-૧૯૨૦ | સાવરકુંડલા માર્કેટયાર્ડ | મુસંબી-૫૦૦-૧૦૦૦ |
| ધાણા-૮૦૦-૧૧૫૦ | કપાસ-૯૦૦-૧૪૪૩ | શીંગમોટી-૯૦૧-૧૩૧૦ | જામફળ-૪૦૦-૭૦૦ |
| સોયાબીન-૭૦૦-૮૬૦ | અજમા-૨૭૦૦-૨૭૦૦ | તલસફેદ-૨૮૦૦-૩૦૦૦ | સંતરા-૫૦૦-૭૦૦ |
| તુવેર-૧૦૬૧-૨૦૨૪ | મગ-૨૦૦૦-૨૦૦૦ | મકાઈ-૫૬૧ | કીવી-૩૦૦૦-૪૫૦૦ |
| મરચાલાંબા-૧૦૦૦-૩૩૩૦ | મહુવાયાર્ડ | તુવેર-૧૭૭૫-૨૦૭૦ | ડ્રેગન ફ્રુટ-૨૪૦૦-૩૨૦૦ |
| અમરેલી શાકભાજી | ઘઉં-૫૫૫-૬૬૭ | કપાસ-૧૧૦૦-૧૪૩૦ | બોર-૨૦૦-૫૦૦ |
| બટેટા-૨૦૦-૨૩૦ | બાજરી-૪૬૨-૫૫૦ | ઘઉં-૪૫૦-૫૮૩ | કેળા-૪૦૦-૫૫૦ |
| રીંગણા-૨૦૦-૩૦૦ | ડુંગળીલાલ-૧૩૪-૨૮૫ | બાજરો-૩૫૦-૪૯૧ | પોપૈયા-૪૦૦-૬૦૦ |
| ફલાવર-૨૦૦-૨૮૦ | ડુંગળીસફેદ-૨૪૦-૨૯૭ | ધાણા-૧૦૦૦-૧૨૯૦ | સફરજન હિમાચલ- |
| કોબીઝ-૨૨૦-૨૬૦ | તલસફેદ-૨૦૦૦-૨૯૧૨ | ચણા-૯૨૫-૧૧૫૯ | સ.કાશ્મીર-૧૧૦૦-૨૩૦૦ |
| ટમેટાં-૩૧૦-૪૦૦ | મગ-૧૩૩૫-૨૨૮૫ | સોયાબીન-૮૧૦-૮૬૪ | અનાનસ-૯૦૦-૧૨૦૦ |
| સુરણ-૭૫૦-૮૦૦ | જુવાર-૪૧૬-૯૧૪ | એરડી-૧૦૭૨ | અંગુર-૫૦૦-૧૨૦૦ |
| ગાજર-૨૦૦-૩૦૦ | ચણા-૯૯૦-૧૪૭૬ | | |
| દુધી-૧૩૦-૨૧૦ | તુવેર-૧૮૯૧-૧૯૬૦ | ખાંભા | લીલીયા |
| કારેલા-૪૦૦-૫૫૦ | અડદ-૧૭૧૫-૧૭૧૫ | કપાસ-૧૧૬૫-૧૪૩૫ | કપાસ-૧૦૧૧-૧૪૧૬ |
| ગલકા-૫૩૦-૬૦૦ | કપાસ-૧૦૦૦-૧૩૪૦ | મગફળી-૧૧૦૦-૧૨૩૨ | |
| કાકડી-૪૦૦-૫૫૦ | સોયાબીન-૭૩૫-૮૮૫ | ઘઉં-૩૫૧-૫૦૦ | |
| ગુવાર-૧૧૫૦-૧૩૮૦ | | તુવેર-૧૫૦૦-૧૮૦૦ | |
| ચોળાલીલા-૮૦૦-૯૦૦ | બાબરા | જુવારસફેદ-૮૧૧-૯૦૫ | |
| તુરીયા-૬૦૦-૭૦૦ | કપાસ-૧૧૫૦-૧૪૪૦ | ધાણા-૧૩૧૧-૧૩૧૧ | |
| ભીડો-૭૦૦-૮૩૦ | ધાણા-૧૧૧૦-૧૨૨૦ | જીરૂ-૬૩૦૦-૬૩૦૦ | |
| આદુ-૨૦૫૦-૨૨૫૦ | ચણા-૯૧૦-૯૬૦ | ચણા-૧૧૦૧-૧૧૧૧ | |
| કોથમીર-૧૦૦-૨૦૦ | ઘઉં-૪૮૦-૫૫૦ | | |
| મેથીભાજી-૩૦૦-૩૫૦ | રાય-૧૦૩૫-૧૧૬૫ | બગસરા | |
| વાલ-૫૫૦-૬૫૦ | તલસફેદ-૨૪૯૦-૨૭૩૦ | કપાસ-૧૦૦૦-૧૪૫૦ | |

### અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન ૩૧.૪
ન્યુનતમ તાપમાન ૧૬.૨
ભેજનું પ્રમાણ ૭૪
પવનની ગતિ સરેરાશ-.૩.૨

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક: પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125
■ LED હેડલાઇટ
■ ટેલલાઇટ
■ ડિજીટલ મીટર
■ બ્લુટુથ કનેક્ટીવીટી
■ અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



સત્યમેવજયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર
પાના નં ૫
તા.૦૪-૨-૨૦૨૪ રવિવાર



રોયલ ફેબ્રીકેશન
ગ્રીલ, જાળી, દરવાજા, રજવાડી ગેટ,
છાપરાનું કામ કરનાર તેમજ મજુરીથી કામ કરનાર
સંપર્ક :- ફૈસલ સુમરા
મો.૮૭૫૮૯ ૮૭૭૪૮ - ૬૩૫૧૭ ૧૪૮૩૬
ચાંદની ચોક, અમરેલી

BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ


### શ્રી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા શ્રી કાનજીભાઇ ભુટાભાઇ બારોટની ૧૦૦મી જન્મશતાબ્દી વર્ષ નિમિતે

# ચલાલામાં કાનજી ભુટા બારોટ એવોર્ડ સમારોહ યોજાશે

**સંતશ્રી પુજય મોરારીબાપુની પ્રેરક ઉપસ્થિતિમાં પુ. રતિદાદાની પ્રેરણાથી પ્રો. છેલભાઇ વ્યાસ લોકસાહિત્ય મર્મી- શ્રેષ્ઠ શ્રોતાને એવોર્ડ આપી સન્માન કરાશે**

**પદ્મશ્રી જગદિશભાઇ ત્રિવેદીની ઉપસ્થિતિમાં લોકડાયરામાં અરવિંદ બારોટ રાજભા ગઢવી, મેરાણ ગઢવી, ગોપાલ બારોટ, હિતેષ અંટાળા, અભિરાજ બારોટની ટીમ જમાવટ કરશે**



આ વર્ષ થી 'કાનજી ભુટા બારોટ - ૨૦૨૪' એવોર્ડ અપાઈ રહ્યો છે, ત્યારે આ વિચારબીજ પૂ. રતિદાદા, ડોકટર અબ્દુલ કલામ ની ભારતીય વૈજ્ઞાનિક સંસ્થા ના ચેરમેન, વૈજ્ઞાનિક, ડોકટર ચંદ્રમૌલી જોષી, ભારત ભૂષણ, યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ, ચલાલા ના ડિરેક્ટર મહેશભાઈ મહેતા ના મનમાં સ્ફૂર્યો અને મનુભાઈ કાનજીભાઈ બારોટ સાથે વિચાર વિમર્શ કરેલ, પૂ. મોરારિબાપુ ના આશિર્વાદ તથા ડોકટર કૌશિકરાય પંડ્યા, જેવા વિદ્વાનો ના પરામર્શ થી આ ભગીરથ કાર્ય આગળ વધ્યુ, સેવા - સંસ્કાર - શિક્ષણ ની ત્રિવેણી એટલે પૂ. રતિદાદા એ આ બીડુ ઝડપી, અમલ માં મૂકી, અદભૂત કાર્ય કરવા જઈ રહ્યા છે, ત્યારે ખરેખર તો કાનજી ભુટા બારોટ ભારતીય જ્ઞાન પરંપરા ના ઉદઘોસક હતા, સૌરાષ્ટ્ર ની લોક સંસ્કુતિ નું ઘડતર, ચણતર કર્યું, કાનજીભાઈ બારોટ ઈતિહાસકાર, લોકસંશોધક, લેખક વિગેરે બહૂમુખી પ્રતિભા ધરાવતા હતા, એમની સ્મૃતિમાં 'કાનજી ભુટા બારોટ - ૨૦૨૪' એવોર્ડ પૂ. મોરારિબાપુ ના હસ્તે શરૂ થવાનો હોય ત્યારે આપણે પણ આ ઘડી ના સાક્ષી બનીએ, બારોટ સમાજ નું ગૌરવ તથા પૂ. દાન મહારાજ ની ભૂમિ ને કર્મભૂમિ બનાવનાર કાનજી ભુટા બારોટ ને કલા ક્ષેત્ર નો ભારતવર્ષ નો સર્વોચ્ચ એવોર્ડ ભારતીય સંગીત નાટક અકાદમી દિલ્હી, જે ૧૯૮૮ માં રાષ્ટ્રપતિ શ્રી આર. વેંકટરામન ના હસ્તે, ઉત્તરપ્રદેશ ની રાજધાની લખનૌ ખાતે અપાયો ત્યારે, ચલાલા, અમરેલી જિલ્લા સહિત સમગ્ર ગુજરાત રાજય ગૌરંવિત થયા, પૂ. મોરારિબાપુ એ 'વાતું નો વડલો' ઉપમા આપી, પૂ. પ્રમુખ સ્વામી મહારાજે જેઓને 'ગુજરાત રત્ન' કહ્યા, આપણા યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી એ ગુજરાત ની એક સભા માં બુલંદ અવાજ અને આગવી રીતે કાનજી ભુટા બારોટ ને યાદ કરેલાં, માનનીય કેન્દ્રીય મંત્રી શ્રી રૂપાલા કાનજીભાઈ બારોટ ને લોકસાહિત્ય ની હાલતી ચાલતી યુનિવર્સિટી કહેતા, દેશ - વિદેશ માં જ્યાં ગુજરાતી હોય ત્યાં કલાક્ષેત્ર માં કાનજીભાઈ બારોટે ડંકા દીધા, લોકસાહિત્ય ક્ષેત્રે જેમ ઝવેરચંદ મેઘાણી એ લોકવાર્તા લખી, એવી જ રીતે કાનજીભાઈ બારોટે લોકવાર્તા ને પોતાના બુલંદ અવાજ થી સ્વરદેહ આપ્યો, 'જીથરા ભાભા થી માંડી સોમનાથ ની સખાતે, હમીર જી ગોહિલ અને પૂ. દાન મહારાજ થી માંડીને સંત જય જલારામ' સુધી હસ્ત લિખિત કથાઓ ને સ્વર દેહ આપ્યો, ગુજરાત ના અગ્રગણ્ય અખબાર ફૂલછાબ થી માંડીને ગુજરાત સમાચાર સહિત અખબારો માં વાર્તાઓ પ્રસિદ્ધ થઈ, ઊર્મિ નવરચના માં વાર્તાઓ લખી ને સમાજ ને ભેટ આપતા ગયા, લોક સાહિત્ય, શિષ્ટ સાહિત્ય ને જોડતી કડી એટલે કાનજીભાઈ બારોટ, ઉમાશંકર જોષી, સુન્દરમ્, કે. કા. શાસ્ત્રી જેવા સાહિત્ય જગત ના વિદ્વાન ધુરંધરો કાનજીભાઈ ની વાર્તા સાંભળી ગદગદિત થયાં, તેમજ બંગાળ ના અભિનેતા, દિગ્દર્શક, પ્રોડ્યુસર, ઈતિહાસકાર, રાજનીતિજ્ઞ, એવા શ્રી ગિરીશ કર્નાડ જેઓએ કાનજીભાઈ વિશે એવું કહેલું કે 'જુદા જુદા રાજ્યો માં લોકવાર્તાઓ કહેવાય છે પણ કાનજીભાઈ એ સિતાર સાથે આગવી રીતે લોકવાર્તાઓ પીરસી, આવા સમર્થ વાર્તાકાર ભારતવર્ષ માં જોયા નથી, આ એક જ છે.' એવા આપણા લોકસાહિત્યકાર 'કાનજી ભુટા બારોટ'ની ૧૦૦મી જન્મ જયંતી નિમિત્તે એમના નામ થી જે એવોર્ડ શરૂ થઈ રહેલ છે તે સમગ્ર બારોટ સમાજ તેમજ સાહિત્ય જગત માટે ગૌરવ અને હર્ષ ની બાબત છે.

# વાંકાનેરના જાલીડા રામધામમાં ૧૦૮ કુંડી રામ યજ્ઞ અને ભૂમિ પુજન યોજાશે

**તા.૧૬ થી ૧૯ સુધી અનેક કાર્યક્રમોનું રામધામ ટ્રસ્ટ દ્વારા આયોજન : તડામાર તૈયારીઓ શરૂ**

અમરેલી, વાંકાનેરના જાલીડા ગામે સમસ્ત રઘુવંશી સમાજના સહયોગથી રામધામ ખાતે ૧૦૮ કુંડી રામ યજ્ઞ અને ભૂમિ પુજન કાર્યક્રમ તા.૧૬ થી ૧૯ ફેબ્રુઆર સુધી યોજાશે. શ્રી હરિચરણબાપુની આજ્ઞાથી કાર્યક્રમમાં શ્રીજયરામદાસ મહારાજ તેમજ રઘુવંશી સમાજના ભાણા સાહેબની જગ્યાના ગાદીપતિ શ્રી જાનકીદાસ બાપુ તેમજ પુજય માઈભકત ચંદુમાં ગઢસીસાના અધ્યક્ષ પદે કાર્યક્રમમાં મુખ્ય યજ્ઞ આચાર્યપદે શાસ્ત્રી કૌશિકભાઈ અંતરાય ત્રિવેદી સેવા આપશે. તા.૧૬ ના રોજ દેહ સુધી, બપોરે શોભાયાત્રા વાંકાનેર લોહાણા મહાજન વાડીથી નિકળશે અને મુખ્ય માર્ગો પર ફરી રામધામ પહોંચશે. તા.૧૭ના સવારે દિપ પ્રાગટય અને તા.૧૮ના સંત સંમેલન બ્રહ્મ ચોરાસી યોજાશે. તા.૧૯ને સોમવારે સવારે ૧૧-૧૫ કલાકે ભૂમિ પુજન બપોરે ૪-૧૫ કલાકે બીડુ હોમાશે. રામધામ માહી સ્ટોનની પાછળ ઠાકરધણી હોટલની બાજુમાં ચોટીલા બાઉન્ડ્રી પાસે અમદાવાદ હાઈવે પાસે આવેલા જાલીડા ગામે યોજાનાર કાર્યક્રમનો લાભ લેવા રામધામ દ્વારા જણાવાયું છે.

### ભાજપ દ્વારા ગાંવ ચલો અભિયાન અંતર્ગત

# અમરેલી શહેર ભાજપ દ્વારા કાર્યશાળા યોજાઇ

**અમરેલી શહેર જિલ્લા ભાજપના આગેવાનો, કાર્યકરોની ઉપસ્થિતિમાં માર્ગદર્શન**



અમરેલી, અમરેલી શહેર ભાજપ દ્વારા ગાંવ ચલો અભિયાન અંતર્ગત કાર્યશાળા યોજાઈ. આગામી ૧૦ અને ૧૧ ફેબ્રુઆરીએ અમરેલી શહેરના દરેક બુથમાં પ્રવાસી કાર્યકર્તા કરતા જશે અને સરકારની સિદ્ધિઓ અંગે લોકોને માહિતગાર કરશે. સવિનય સાથ જણાવવાનું કે તારીખ ૨ ૨ ૨૦૨૪ ને શુક્રવારના રોજ રાત્રિના નવ કલાકે ચૂંટણી મધ્યસ્થ કાર્યાલય અમરેલી ખાતે શહેર ભાજપ દ્વારા ગાંવ ચલો અભિયાન અંતર્ગત કાર્યશાળા યોજાયહતી. આ કાર્યશાળામાં શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, શહેર ભાજપ મહામંત્રી રાજેશભાઈ માંગરોળીયા, ભરતભાઈ મકવાણા, જિલ્લા ભાજપ કોષાધ્યક્ષ દીપકભાઈ વઘાસિયા, જિલ્લા ભાજપ મંત્રી રેખાબેન માવદીયા, પ્રદેશ બક્ષીપંચ મોરચાના મયુરભાઈ માંજરીયા, નગર પાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, ડિસ્ટ્રિક્ટ ચેમ્બર્સ ઓફ કોમર્સના પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદી, મુકુંદભાઈ મહેતા, વિજયભાઈ ચોટલીયા, ટાઉન પ્લાનિંગ ના ચેરમેન ચિરાગભાઈ ચાવડા, જિલ્લા યુવા ભાજપના મહામંત્રી મૌલિક ઉપાધ્યાય, તેમજ અમરેલી શહેર ભાજપના હોદ્દેદારો, નગરસેવકો, મંડળ મોરચાના હોદ્દેદારો, શક્તિકેન્દ્રના સંયોજકો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શહેર ભાજપ મહામંત્રી રાજેશભાઈ માંગરોળીયાએ કરેલ હતું. આભાર વિધિ નગર સેવક સની ડાબસરાએ કરેલ હતી.

### અવસાન નોંધ

**ચિતલ**

દાઉદી વ્હોરા સકીનાબેન યુસુફઅલી ઈબ્રાહીમ હથીયારી ઉ.વ.૧૦૩ તે હાતીમભાઈ, સબીરભાઈ, અસગરભાઈ (ચિતલ) ફાતેમાબેન મુંબઈ, કુબરાબેન અમરેલી, સરીફાબેન બરવાળા, જેહરાબેન સાવરકુંડલાના માતુશ્રી વફાત થયેલ છે મર્હુમનાં સીયુચના સિપારા તા.૫-૨-૨૩ સોમવારે સવારે ૧૧.૪૫ કલાકે ચિતલ બદરી મસ્જિદ ખાતે ખાતે રાખેલ છે.

**અમરેલી**

રામજીભાઈ હાજાભાઈ કાતરીયા ના મોટા દીકરા મનોજભાઈ નુ દુઃખદ અવસાન થયેલ એડવોકેટ સંજય કાતરીયા અરવિંદ કાતરીયા (યૈજક) સામજિક આગેવાન યુવા આઈકોન ભરત કાતરીયા ના મોટા મનોજભાઈ નુ ટુકી બિમારી બાદ દુઃખદ અવસાન થયેલ હોય તેમનુ બેસણુ તા.૫/૨/૨૪ ના રોજ બપોર ના ૪ થી ૬ વાગ્યે રાખેલ છે, ચકરગઢ રોડ બી. કે. ટાંક ના ડેલા પાસે અમરેલી (નિવાસ સ્થાને)

# રાજકોટ નટવરી નૃત્યમાંથી હર્ષાબેન ઠક્કરની પ્રતિભાશાળી શિષ્યાઓએ દિલ્હી ૨૬ જાન્યુઆરીના કાર્યક્રમમાં ભાગ લીધો

**સમગ્ર ભારતદેશમાં ૬૦૦૦ માંથી ૧૫૦૦ કાર્યક્રમ માટે ગ્રૃપ સિલેકટ થયેલ**



અમરેલી, રાજકોટ નટવરીનૃત્યમાંથી ૧૦ હર્ષાબેન ઠકકર કાનાબારની પ્રતિભાશાળી શિષ્યાઓએ વુમન એમપાવરમેન્ટ થીમ પર દિલ્હીમાં ૨૬ જાન્યુ.કાર્યક્રમમાં કલાસીકલ નૃત્યની પ્રસ્તૃતિ પરેડ સમયે રજુ કરેલ હતી. સમગ્ર દેશમાંથી ૬૦૦૦ માંથી ૧૫૦૦ નૃત્યાંગના બહેનોએ દિલ્હી કર્તવ્ય પથ ઉપર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રપતિ શ્રીદ્રૌપદી મુર્મૃ તેમજ ફ્રાન્સના રાષ્ટ્રપતિ સમક્ષ નૃત્ય રજુ કર્યુ હતું. આ યુવતિઓની ખાસ કલાસીકલ ડાન્સ માટે અનેક ચેલેન્જમાંથી પસાર થયા બાદ પસંદગી કરવામાં આવી હતી. જેમાં અમરેલીના મીરાબેન કીરીટભાઈ વ્યાસે પણ ભાગ લીધો હતો. અભ્યાસની સાથેસાથે મીરાબેને નૃત્યમાં પારંગતતા મેળવી વિશારદ અને અલંકારની પદવી હાંસલ કરી છે. અત્યાર સુધીમાં મીરાબેને વ્યાસે અનેક સ્ટેજ પ્રોગ્રામ કરીને તેમની કલાની કદર મેળવી છે. જયારે આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીનો થનગનાટ સમગ્ર દેશમાં ચાલી રહયો છે ત્યારે દિલ્હીમાં ધ્વજવંદન કાર્યક્રમ બાદ સાંસ્કૃતિક કાર્યક્રમ મહિલા શસકિત કરણને કલાસીકલ નૃત્ય સાથે સમગ્ર દેશવાસીઓ સમક્ષ પોતાની કલા રજુ કરી અમરેલી જીલ્લાનું ગૌરવ વધાર્યુ છે. મીરાબેન વ્યાસ સાથે તેમની આખી ટીમ દિલ્હી ખાતે છેલ્લા ૩૦ દિવસથી તાલીમ લીધેલ હતી. હાલ મીરાબેન વ્યાસ અમરેલી ચિતલ રોડ પર આવેલ અવધ રેસીડેન્સીમાં પોતાના કથક ડાન્સના કલાસીસ ચલાવી રહયા છે.

# મોટા વરાછામાં શુભમ એવેન્યું દ્વારા શ્રી રામ શોભાયાત્રા યોજાઇ

**ઘર એક પંખીનો માળોના આર્ટથી અનેરો સંદેશો આપ્યો**



કેરિયાનાગસ, (ભરત હરખાણી) મોટાવરાછામાં શુંભમ એવેન્યુ-૧ દ્વારા આયોજીત સૌથી મોટી જય શ્રી-રામ શોભાયાત્રામાં હાથી, ઘોડા, બુલેટ, ટ્રેક્ટર, કાર તથા સર્વો શુભમ પરિવાર, મહિલા-મંડળ, પ્રમુખ-કમિટી, ઉત્સવ-સમિતિ તથા હજારો શ્રદ્ધાળુઓ પદયાત્રામાં જોડાયા હતા. બપોરે ૧૨.૨૦ વાગ્યે ભગવાન શ્રી-રામની અયોધ્યા આગમની આરતી સાથે સોસાયટી બાળકો તથા સંસ્કારતીર્થ સ્કૂલના સાહેબોએ મળીને રામાયણ નાટ્ય તથા અન્ય મનોરંજન કર્યું હતું. આ ૨ દિવસીય કાર્યક્રમમાં હર-ઘર દિવા, રંગોળી અને રોશનીથી દિવાળીપર્વ જેવું આયોજન સોસાયટી ભાઈઓ-બહેનોએ કરેલ. અમારા આર્ટિસ્ટ શ્રી અજીર્તભાઈ ભંડેરીએ 'ઘર એક પંખીનો માળો'ના આર્ટથી સોસાયટીને એક અનેરો મેસેજ આપ્યો હતો. શોભયાત્રા પછી સૌ-પરિવારે સાથે પ્રસાદ લીધો, અને રાત્રે ગરબાની રમઝટ માંણયા પછી ભગવાનની આરતી કરીને સૌએ આરામ લીધો. સંસાલક: શૈલેષભાઈ હરખાણી (પ્રમુખ શ્રી), કાંતિભાઈ કાકડિયા (ઉપપ્રમુખશ્રી), જીગ્નેશભાઈ ઘેવરિયા, હિરેનભાઈ હિરપરા, અને અશોકભાઈ મોરડીયા (ઉત્સવ સમિતિ પ્રમુખ) તથા સર્વો સોસાયટી પરિવાર મિત્રો ઉત્સાહભર્યા જય શ્રી

# ડેડાણ બાયપાસથી ગામમાં જવાનો રસ્તો બિસ્માર



ડેડાણ, (બહાદુરઅલી હિરાણી,) ડેડાણ બાયપાસથી ગામમાં જવાનો રસ્તો ૨૦૦ થી ૩૦૦ મિટરનો જાણે ફુટ ફુટના ખાડા અને રસ્તા ઉપર ડામરની દશા જાણે કે નદીમાં વેકરો હોય તેવી જોવા મળે છે. આ રસ્તા ઉપરથી ચાલતા એસટી બસ, પ્રાઈવેટ વાહન અને ટુ વ્હીલરને ગામમાં જવામાં મુશ્કેલી પડે છે. આ રસ્તો જિલ્લા પંચાયત કે તાલુકા પંચાયતની હદમાં આવે છે કે મુખ્યમંત્રીની હદમાં આવે છે. સતાધિશોને આ રસ્તો બનાવવા શુ વાંધો હશે તે જાણવા મળતુ નથી અને ગામ પ્રત્યે ઓરમાયુ વર્તન રખાતુ હોય તેવું લાગી રહ્યું છે.

# લાઠીના ચાવંડમાં પશુ આરોગ્ય એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરાયું

**ધારાસભ્યશ્રી તળાવીયાના હસ્તે એમ્બ્યુલન્સ(૧૯૬૨)નું લોકાર્પણ**



લાઠી, સમગ્ર રાજયમાં ગુજરાત સરકાર તેમજ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યના અને દેશના દરેક વ્યક્તિને આયુષ્યમાન ભારત યોજના હેઠળ આરોગ્ય કવચ પૂરું પાડવામાં આવી રહ્યું છે તેવી જ રીતે રાજ્ય અને કેન્દ્રની સરકાર દ્વારા પશુ આરોગ્ય માટે પણ એટલી જ ચિંતા કરવામાં આવી રહી છે જેના ભાગરૂપે સમગ્ર રાજ્યમાં દસ ગામ દીઠ પશુ આરોગ્યવાન ૧૯૬૨ ફાળવવામાં આવી રહી છે ત્યારે હાલ લાઠી તાલુકામાં ત્રણ પશુ આરોગ્યવાન કાર્યરત છે જેમાં તાલુકાના મોટાભાગના ગામડાઓને આ સેવા હેઠળ આવરી લેવામાં આવેલ છે હાલ લાઠી તાલુકાના ચાવંડ નજીક આવતા ૧૦ ગામો માટે નવી પશુ એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે આ પશુ આરોગ્ય એમ્બ્યુલન્સ કેન્દ્ર સરકાર દ્વારા ફાળવેલ છે જેથી વધુ ૧૦ ગામો આ સેવા હેઠળ આવરી લેવામાં આવશે અને વધુ ૧૦ ગામોને સરકારની આ યોજના હેઠળ લાભ મળશે આ નવી ફાળવવામાં આવેલ પશુ આરોગ્ય એમ્બ્યુલન્સ નું લોકાર્પણ લાઠીના જાગૃત ધારાસભ્ય જનકભાઈ તળાવીયા ના વરદ હસ્તે ચાવંડ ખાતેથી કરવામાં આવેલ હતું આ લોકાર્પણ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના પૂર્વ ચેરમેન જીતુભાઈ ડેર, તાલુકા પંચાયત લાઠીના ઉપપ્રમુખ રાકેશભાઈ સોરઠીયા, જિલ્લા ભાજપના રાજુભાઈ ભુવા, નાયબ પશુપાલન નિયામક ડો. કુંડળીયા, પશુ દવાખાના લાઠીના ડો. સુદાણી, પશુ આરોગ્ય એમ્બ્યુલન્સ ના અધિકારીશ્રી, કર્મચારીશ્રી, ચાવંડ પી.એચ.સી.ના ડો. મુકેશ સિંઘ, કનુભાઈ ડેર, જગદીશભાઈ ખુંટ, પ્રતાપભાઈ ડેર, હસુભાઈ નારીયા સહિત બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહી આનંદની લાગણી વ્યક્ત કરી હતી આ તકે ટોલ ફ્રી નંબર ૧૯૬૨ નો સંપર્ક કરી દરેક લોકો પોતાના પશુની સારવાર માટે આ પશુ સારવાર એમ્બ્યુલન્સ નો બહોળા પ્રકારમાં લાભ લે તેવી અપીલ ધારાસભ્ય શ્રી દ્વારા કરવામાં આવી હતી

### લક્ષ્મી ડાયમંડના અશોકભાઇ ગજેરા દ્વારા

# અમરેલીમાં શ્રીમતી શાંતાબેન ગજેરા સ્કુલના જરૂરિયાત બાળકોને રૂા.૧૫ લાખની સહાય

**પ્રજાસત્તાક પર્વે શ્રી અશોકભાઇ ગજેરાએ જરૂરિયાત વિદ્યાર્થીઓ માટે કરેલી જાહેરાત**



અમરેલી, શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા ખાતે ૨૬મી જાન્યુઆરીના દિવસે લક્ષ્મી ડાયમંડ મુંબઈના ચેરમેન માનનીય અશોકભાઈ ગજેરા હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓ શિક્ષણ અને સ્પોર્ટ ક્ષેત્રે તેમજ અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ખૂબ સારું પરિણામ પ્રાપ્ત કરી રહ્યા છે, તે જાણી આનંદ ની લાગણી અનુભવી હતી તે સાથે જ અમુક જરૂરિયાતમંદ બાળકો સારી સંસ્થામાં પોતાનું ઉજ્જવળ જીવન ઘડતર કરી શકતા ન હોય તે માટે તેવા જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓને લક્ષમાં રાખી વિદ્યાર્થીઓના અભ્યાસ માટે ૧૫ લાખ રૂપિયા સહાયની ઘોષણા કરેલ હતી. જેઓના પિતા હયાત ન હોય અથવા ઘરે કોય ગંભીર બીમારી હોય અને અભ્યાસમાં હોશિયાર સંસ્થામાં કામગીરી કરતા કર્મચારીઓના બાળકો વિદ્યાર્થીઓને સહાયનો લાભ આપવા જણાવેલ હતું. આ બાળકોના જીવન ઉજાગર કરે તેવી જાહેરાત થી તમામ સ્ટાફ - સ્ટુડન્ટ્સ ખુશી વ્યકત કરી હતી. વસંતભાઈ ગજેરા શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓના સર્વોત્તમ શિક્ષણ અને સર્વાંગી વિકાસ થાય તે માટે શ્રેષ્ઠ શિક્ષણ માટે હંમેશા પ્રયત્નશીલ છે, અમરેલીમાં પટેલ સંકુલ અને વિદ્યાસભા કેમ્પસમાં વિદ્યાર્થીઓને માટે સારામાં સારી સવલોતો અત્યાધુનીક ઈન્ફાસ્ટ્રક્ચર ઊભું કરી અમરેલી જિલ્લા ને જ નહીં પરંતુ મેગાસિટી ના વિદ્યાર્થીઓને પણ લાખો વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યનું ઘડતર કરેલ છે ત્યારે તેમના લઘુબંધુ અશોકભાઈ ગજેરા પણ આ જાહેરાત સાથે સાથે સંસ્થામાં જે પણ જરૂરિયાત હોય તે પૂરી પાડવા જણાવેલ હતું અને આ તકે એ પણ કહ્યું હતું કે ગજેરા પરિવાર દ્વારા અમરેલીમાં સારામાં સારું શિક્ષણ મળે તે માટે કેમ્પસમાં વધુમાં વધુ સવલતો ઊભી કરવામાં આવશે તેવી ખાત્રી આપીએ છીએ. આ તકે અશોકભાઈ ગજેરા અને વસંતભાઈ ગજેરા-પ્રમુખશ્રીનો મંત્રીશ્રી મનસુખભાઈ ધાનાણી ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેકટરશ્રી વસંતભાઈ પેથાણી અને પ્રિન્સિપાલશ્રીઓ એ આભાર વ્યક્ત કર્યો હતો.

### શ્રી ઓળીયા ગામ પટેલ સેવા સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ગામઆખું વિવાહમય બનશે : ગામમાં ઘેર ઘેર જાનોના ઉતારા અપાશે

# ઓળીયામાં પટેલ સમાજનો સમુહલગ્નોત્સવ યોજાશે

**ઓળીયા ગામ પટેલ સેવા સમાજ દ્વારા ૨૦મીએ યોજાનાર ભવ્યાતિ ભવ્ય સમુહલગ્નમાં ૮ નવ દંપતિઓ પ્રભુતામાં પગલા માંડશે : રકતદાન કેમ્પ યોજાશે : સમુહલગ્ન માટે ગામ આખુ તડામાર તૈયારીઓમાં લાગ્યું : અનેરો ઉત્સાહ સર્જાયો**

**સમુહલગ્નમાં દાતાઓના સહયોગથી કરિયાવર અપાશે : શ્રી ચંદુભાઇ દેસાઇ શ્રી ગૌતમદાસબાપુ, શ્રી ભગવતપ્રસાદ સ્વામી મહંતશ્રી રામદાબાપુ, મહંતશ્રી લવજીબાપુ, શ્રી મનહરભાઇ કાથરોટીયા, શ્રી ગોરધનભાઇ ભાદાણી સહિતની ઉપસ્થિતિ**

અમરેલી,સાવરકુંડલાના ઓળીયા ભવ્ય સમુહલગ્નોત્સવ અને રકતદાન શિબિર ઓળીયા પટેલ સેવા સમાજ દ્વારા યોજવા તડામાર તૈયારીઓ થઈ રહી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ઓળીયા ગામ પટેલ સેવા સમાજ દ્વારા ૩૧મો સમુહલગ્નોત્સવ તા.૨૦-૨-૨૪ને મંગળવારે યોજાનાર છે. આ સમુહ લગ્નના પ્રમુખ પદે શ્રી ચંદુભાઈ શંભુભાઈ દેસાઈ અને ઉદ્‌ઘાટક પદે શ્રી ગૌતમદાસ બાપુ સુરત, શ્રી ભગવતીપ્રસાદ સ્વામી કુંડલા, મહંતશ્રી રામદાસમહારાજ, મહંતશ્રી લવજીબાપુ અને મુખ્ય મહેમાન પદે શ્રી મનહરભાઈ કાથરોટી અમદાવાદ, શ્રી ગોરધનભાઈ ભાદાણી સુરત તથા શ્રી ગુણવંતભાઈ પેથાણી અમદાવાદ, શ્રી ભુપતભાઈ હિરપરા અમદાવાદ તથા અતિથી વિશેષ પદે શ્રી દિલીપભાઈ સંઘાણી, શ્રી પરેશભાઈ ધાનાણી, શ્રી વિરજીભાઈ ઠુંમર, શ્રી કાળુભાઈ વિરાણી, શ્રી કૌશિકભાઈ વેકરીયા, શ્રી મહેશભાઈ કસવાલા, શ્રી પ્રતાપભાઈ દુધાત, શ્રી ધીરૂભભાઈ દુધવાળા, શ્રી દિપકભાઈ માલાણી, શ્રી મનજીભાઈ તળાવીયા, શ્રી જીતુભાઈ કાછડીયા, શ્રી ભરતભાઈ બાળધાની ઉપસ્થિતીમાં ભવ્ય સમુહલગ્નમાં ૮ નવદંપતિ પ્રભુતામાં પગલા માંડશે. સમુહલગ્ન સાથે સાથે ઓળીયા ગામ પટેલ સેવા સમાજ તથા પ્રજા ઉત્થાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા.૨૦ને મંગળવારે સવારે ૮-૩૦થી ૨ વાગ્યા સુધી રકતદાન શિબિર યોજાશે. જેનું ઉદ્‌ઘાટન ડો. જયંતિભાઈ ખુંભાણી કરશે. રકતદાન કરનારને ગીફટ અપાશે. શાંતાબા ગજેરા હોસ્પિટલ બ્લડ બેંક અમરેલીના સહયોગથી શિબિરમાં વિવિધ સંસ્થાઓનો પણ સહયોગ મળી રહ્યો છે. સમુહલગ્ન અને રકતદાન શિબિર માટે તડામાર તૈયારીઓ થઈ રહી છે.

### ધો. ૧૦ અને ૧૨ના બોર્ડના પરીક્ષાર્થી માટે

## અમરેલી ગજેરા કેમ્પસમાં સપનો સે સફલતા તક સેમિનાર યોજાયો

**ગજેરા કેમ્પસમાં યોજાયેલ સેમિનારમાં ૧૨૦૦ વિદ્યાર્થી ભાઇ બહેનોએ ભાગ લીધો**



અમરેલી,

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ-વિદ્યાસભામાં ' સપનો સે સફલતા તક '' પરીક્ષાલક્ષી માર્ગદર્શન તથા વિદ્યાર્થીઓને ભાવિ ઉજજવળ કારકિર્દી બનાવવા વિસ્તૃત માર્ગદર્શન મળી રહે અને બોર્ડની પરીક્ષામાં ઉત્તમ પરિણામ મેળવી શાળા, પરિવાર તથા જિલ્લાનુ નામ રોશન કરે તેવા શુભ આશયથી આ સેમીનારનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં શાળાના સીટી તથા હોસ્ટેલના ૧૨૦૦ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લઈને આ કાર્યક્રમ દ્વારા શ્રેષ્ઠ પ્રેરણા અને પ્રોત્સાહન મેળવ્યા હતા.મુખ્ય વકતા તરીકે અશોકભાઈ ગજજર હુ માનુ છુ' આ સુત્ર અપનાવી આત્મવિશ્વાસ અને સખત પરીશ્રમથી તૈયારી કરીએ તો ધાર્યુ પરિણામ અવશ્ય મળે તે માટેના અનેક ઉદાહરણો તથા સફળ વિદ્યાર્થીઓની સંઘર્ષકથા વિસ્તૃતરીતે સમજાવીને સૌને મંત્રમુગ્ધ કરતુ ઉદ્બોધન કર્યું હતુ. હસમુખભાઈ રફાળીયા, વૈભવભાઈ ભુવા ખાસ ઉપસ્થિત રહયા હતા. તેઓએ વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળ થવા માટે સમયનું મેનેજમેન્ટ, અભ્યાસમાં એકાગ્રતાનું મહત્વ, યાદશકિત વધારવાની પધ્ધતિઓ, ચિંતામુક્ત અને હળવાશથી પરીક્ષા આપવાની રીતો, બુધ્ધિશકિતનો વિસ્તૃત ઉપયોગ, નિશ્ચિત પરીણામ પ્રાપ્ત કરવા આગવું આયોજન તેમજ ભાવિ કારકિર્દી ઘડતર માટે યોગ્ય દિશામાં પ્રયાસ કરવા વિદ્યાર્થીઓને સમજણ આપી હતી.આ તકે સંસ્થાના ડાયરેકટરશ્રી વસંતભાઈ પેથાણીએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને આ ઉમદા માર્ગદર્શન પરીક્ષામાં ખૂબ જ ઉપયોગી નીવડશે. પરીક્ષા પૂર્વઆયોજન કરી સર્વશ્રેષ્ઠ રીઝલ્ટ મેળવે તેવી શુભકામના વ્યકત કરી હતી. સંસ્થામાં વિદ્યાર્થીઓનો સેમીનાર યોજવા બદલ પ્રમુખશ્રી વસંતભાઈ ગજેરા, મંત્રીશ્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રીશ્રી ચતુરભાઈ ખુંટ, તમામ સ્ટાફગણ અને વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવયા હતા.

## પાણીયા પ્રા. શાળામાં માર્ગ સલામતી ડેમોસ્ટ્રેશન યોજાયું

**ઇમરજન્સી ૧૦૮ની ટીમો દ્વારા પ્રેકટીકલ માર્ગદર્શન અપાયું**



અમરેલી,તારીખ ૨-૨-૨૦૨૪ના રોજ શ્રી પાણિયા પ્રાથમિક શાળામાં શાળા સલામતી સપ્તાહ ૨૦૨૪ અંતર્ગત ૧૦૮ ડેમોસ્ટ્રેશન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો .તેમાં ઈ.એમ.ટી. ઘનશ્યામભાઈ બગડા અને પાયલોટ ઉપેન્દ્રભાઈ વેગડા તરફથી ખૂબ જ સારી તેમજ વિગતવાર એક - એક સાધનો બતાવી બાળકોને તેના ઉપયોગ વિશે માહિતી આપી સમજાવ્યા હતા. .૧૦૮ પર કોલ કરવાથી ત્રણ જગ્યાએ લાગુ પડે છે ,પોલીસ, હેલ્થ અને ફાયર માટે પણ લાગુ પડે છે. વિદ્યાર્થીઓ દ્વારા પણ પ્રેક્ટીકલ કરવામાં આવ્યું હતું. ૧૦૮ માં કેટલા પ્રકારના સાઈરન હોય છે તે પણ માહિતી આપી હતી. એક ખૂબ જ જરૂરી બાબત ૧૦૮ પર કોલ કરો ત્યારે કેવા પ્રશ્નો તમને પૂછે છે તે પણ પ્રેક્ટીકલ કોલ વિદ્યાર્થી પાસે કરાવી ખુબ જ સારી અને ઉપયોગી માહિતી ઘનશ્યામભાઈ બગડા અને ઉપેન્દ્રભાઈ વેગડાએ આપી હતી તે માટે શાળા પરિવાર તેમનો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરે છે.

### લોકોની મુશ્કેલી હલ કરાવવા

## ધારી-બગસરા વિસ્તારના ધારાસભ્યશ્રી જે.વી. કાકડીયાએ રૂા.૧૦ કરોડનો બ્રિજ મંજુર કરાવ્યો

**મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યકત કરતા શ્રી જે.વી. કાકડીયા**



ચલાલા,(પ્રકાશ કારીયા)

ધારી -બગસરાના ધારાસભ્ય જે.વી.કાકડીયા સતત તેમના મતવિસ્તારમાં આવતા ગામડાનો પ્રવાસ કરી લોકોની મુશ્કેલી જાણવાનો સતત પ્રયાસ કરી રહયા છે. તેના ભાગરૂપે નાના ગામડાથી શહેરને જોડતા રોડ રસ્તા, બ્રિજ , નાળા, પુલ માટે સરકારમાં સતત રજુઆત કરતા હોવાથી અને લોકોની સમસ્યાની ગંભીરતા ધ્યાને લઈને રાજય સરકારના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રીભુપેન્દ્રભાઈ પટેલે ધારાસભ્ય જે.વી.કાકડીયાની રજુઆત મુજબ ધારી તાલુકાના નાગધ્રા ગામને જોડતો નવો બ્રિજ બનાવવા માટે ચાર કરોડ રૂપિયા અને નવા ચરખાની કરજાળા હનુમાનજીના મંદિર પાસેનો બ્રિજ માટે સાડા પાંચ કરોડ રૂપિયા મંજુર થતા અને તે કામોના જોબ નંબર પણ ફાળવી દેતા ટુંક સમયમાં આ કામો ચાલુ થવાનો પ્રારંભ થશે. ત્યારે આ વિસ્તારમાં ચોમાસાની ઋતુમાં ભારે વરસાદ પડવાના કારણે વાહન ચાલકો અને પગપાળા ચાલતા લોકોને ભારે મુશ્કેલી પડતી હતી. જે સમસ્યા આવતા દિવસોમાં હલ થશે. તેથી ધારાસભ્ય જે.વી. કાકડીયાએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો ધારી -બગસરા વિધાનસભાના લોકોવતી આભાર વ્યકત કર્યો હતો.

### અમરેલી ડિજાસ્ટર મેનેજમેન્ટ અને ફાયર ઇમરજન્સી સર્વિસ દ્વારા

## કુંકાવાવ અને લુણીધાર શાળામાં ફાયર અવેરનેસ તાલીમ અપાઇ

**બંને શાળાઓના ૩૫૦ ઉપરાંતના વિદ્યાર્થીઓએ ફાયર તાલીમ મેળવી**



અમરેલી,તારીખ ૨/૨/૨૦૨૪ અમરેલી જિલ્લાના કુકાવાવ તાલુકામાં આવેલ 'ઘનશ્યામનગર પ્રાથમિક શાળા' તથા ' લુણીધર પે. સેન્ટર શાળા' ખાતે ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ-અમરેલી તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ અમરેલીના સંયુક્ત પ્રયાસ દ્વારા ' ઘનશ્યામનગર પ્રાથમિક શાળા' તથા 'લુણીધર પે. સેન્ટર શાળા' ખાતે શાળાના અંદાજિત ૩૫૦ વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓને ફાયર ટીમ અમરેલી દ્વારા ફાયર અવેરનેસની ટ્રેનિંગ આપવામાં આવેલ.જેમાં વિદ્યાર્થીઓને આગની ઘટના બને ત્યારે શું પગલાં લેવા? તથા પોતાનો અને પોતાના સાથીનો બચાવ કઈ રીતે કરવો ?તથા વિવિધ આપદા દરમ્યાન શું કરવું અને શું ના કરવું ?જેવા વિવિધ પ્રશ્નો વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવેલ તથા રાજ્ય સરકાર શ્રી દ્વારા ગુજરાત રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં તારીખ ૨૯/૧/૨૦૨૪ થી ૩/૨/૨૦૨૪ દરમ્યાન દરેક સરકારી શાળાઓમા 'શાળા સલામતી સપ્તાહ-૨૦૨૪' ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.આ અંતર્ગત આપણા અમરેલી જિલ્લામાં આવેલ તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં શેડ્યુલ મુજબની શાળાઓમાં ફાયર અને ઈમરજન્સી સર્વિસ ટીમ અમરેલી દ્વારા ફાયર અવેરનેસની તાલીમ તથા મોડડ્રીલ કરવામાં આવશે.

## અમરેલી સારથી સ્કુલમાં ડોક્યુમેન્ટ્રી બતાવાઇ

**વનવિભાગના અધિકારીઓ, કર્મચારીઓની ઉપસ્થિતિ**

અમરેલી,

આજે વર્લ્ડ વેટ લેન્ડ ઉજવણી ભાગરૂપે સારથી વિદ્યા સ્કૂલ નાં ૬૦ વિદ્યાર્થીઓ અને શિક્ષકશ્રી ઓએ વિક્ટોરિયા પાર્કમાં વનવિભાગ નાં અધિકારીશ્રી સરવૈયા સાહેબ અને અન્ય અધિકારીઓ હાજર રહેલ જેમા જયેશ વાઘેલા દ્વારા વેટલેનડ તેમા પક્ષી પ્રજાતિ ની ઓળખ કરવામા આવી અને વેટલેનડ ડોક્યુમેન્ટ ફિલ્મ બતાવવામાં આવી બાળકો ને પ્રશ્નોત્તરી કરી બાળકોને પક્ષી બુક ને વિક્ટોરિયા પરીચયબુક આપવામાં આવી સંચાલન રાજેશ ભાઈ દારા કરવામાં આવી. અને અમારી શાળા સારથિ વિદ્યા સંકુલ ના બાળકો એ ઉત્સાહ ભેર વિક્ટોરિયા પાર્કની મુલાકાત લીધી અને વનસ્પતિ સરક્ષણ વિશેની માહિતી મેળવી.

## સાવરકુંડલા બ્રાન્ચ શાળામાં સલામતી સપ્તાહની ઉજવણી



સાવરકુંડલા, (મહેતા નિરવ) શાળાના વિદ્યાર્થીઓમાં આપત્તિઓ અને તેની બચાવ પ્રયુક્તિઓ પ્રત્યે યોગ્ય સમજ કેળવાય અને દરેક વિદ્યાર્થી આપત્તિઓ સામે સુરક્ષિત રહે તેમજ એક સક્ષમ સમાજનું નિર્માણ થાય તે ઉદ્દેશથી સાવરકુંડલા બ્રાન્ચ શાળા નં-પાંચ ખાતે 'શાળા સલામતી સપ્તાહ - ૨૦૨૪'ની ભવ્ય ઉજવણી કરાઈ હતી. જેમા શાળાના બાળકોને ભૂંકપ,પૂર, વાવાઝોડું,આગ અકસ્માત તેમજ અન્ય વિવિધ પ્રકારના કુદરતી અથવા અન્ય ઈત્યાદી શાળા સલામતી બાબતો અંગે કેવા પ્રકારની સાવચેતી/સલામતીના પગલા ભરવા જોઈએ તેવી વિવિધ બાબતોનું માર્ગદર્શન આપવામાં આવેલ. આપતિ વ્યવસ્થાપન વિષયક માહિતીપ્રદ ચાર્ટ્સનું નિદર્શન કરવાંઆવેલ. આ ઉજવણીના અનુસંધાનમાં શાળા ખાતે ચિત્ર તથા નિબંધ સ્પર્ધાનું પણ આયોજન આ સપ્તાહ દરમ્યાન કરાયેલ જેમાં શાળાના બાળકો દ્વારા ભાગ લીધેલ. તથા મોકડ્રીલ પણ યોજવામાં આવેલ. આ તકે સમગ્ર સપ્તાહ ને સફળ બનાવવા માટે શાળાના આચાર્યના માર્ગદર્શન હેઠળ શૈક્ષણિક સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવી હતી.

### ધારાસભ્યશ્રી જનકભાઇ તળાવીયાના હસ્તે

## ગમા પીપળીયામાં ૨૯ લાખના વિકાસ કામોનું ખાતમુહુર્ત કરાયું

**શાળાનો ટાંકો, ભુગર્ભગટર, સીસીરોડ, પેવર રોડ, સબ સેન્ટરની દિવાલો સહિતના કામો કરાશે**



બાબરા,બાબરા તાલુકાના ગમાપીપળીયા ગામે ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયાના વરદ હસ્તે પ્રાથમિક શાળામાં ભૂગર્ભ ટાકા સહિત વિવિધ વિકાસના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ ૨ લાખના ખર્ચે પ્રાથમિક શાળામાં ભૂગર્ભ ટાકો અને ૨ લાખના ખર્ચે દેવિપુજક વિસ્તારમાં પાણીની ટાંકી તેમજ ૪.૫૦ લાખના ખર્ચે પ્લોટ વિસ્તારમાં ભૂગર્ભ ગટર અને ૨ લાખના ખર્ચે આર.સી.સી રોડ દેવળીયા માર્ગ અને ૨ લાખ ખર્ચે કુભાર વાળી શેરીમાં પેવર બ્લોક રોડ અને ૨.૫૦ લાખ ખર્ચે મેઈન બજારમાં પેવર બ્લોક રોડ તેમજ ૨ લાખના ખર્ચે અનુસૂચિત જનજાતિ સ્નાનઘાટ અને ૧.૫૦ લાખ ખર્ચે સબ સેન્ટર નીદીવાલ તેમજ ૧.૫૦ લાખના ખર્ચે અનુસૂચિત જનજાતિ સ્મશાન દિવાલ ૩ લાખના ખર્ચે ભગીરથપરામાં આર.સી.સીરોડ ૮૦ હજારના ખર્ચે દલિત સમાજ વિસ્તારમાં ભૂગર્ભ ગટર સહિત વિકાસના કાર્યનું ખાતમુહૂર્ત કરાયું આ તકે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા ,જિ.પંચાયત સદસ્ય હિંમતભાઈ દેત્રોજા,જિ.પંચાયત સદસ્ય નિતિનભાઈ રાઠોડ,તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોલિયા,તાલુકા ભાજપ મહામંત્રી રાજુભાઈ વિરોજા તેમજ હિતેશભાઈ કલકાણી, સામાજિક ન્યાય સમિતિ ચેરમેન મોહનભાઈ ખુમાણ, ખાખરીયા સરપંચ વિપુલભાઈ કાચેલા ,તાલુકા ભાજપ ઉપપ્રમુખ કીરીટભાઈ બગડા, ગમા પીપળીયા ગ્રામ પંચાયત સરપંચશ્રી વિહાભાઈ વાઢીયા, તાલુકા પંચાયત ઉપપ્રમુખ રાજુભાઈ આલગોતર, વિહાભાઈ, જયેશભાઈ ચોવટિયા તેમજ ગ્રામ પંચાયતના તમામ સદસ્યો, સંગઠનના હોદ્દેદારો તેમજ બહોળી સંખ્યામાં ગામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે આ તમામ કામો ગુણવત્તા સભર થાય તે અંગેની તકેદારી રાખવા ધારાસભ્યશ્રી જનકભાઈ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

### શ્રીજી કેળવણી મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## દિવાળીબા હાઇસ્કુલ પીઠવડીના વિદ્યાર્થીઓની અનેરી સિધ્ધી

**સ્પર્ધાઓમાં વિદ્યાર્થી ભાઇ બહેનોનો ઉત્કૃષ્ટ દેખાવ**



સાવરકુંડલા,શ્રીજી કેળવણી મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત દિવાળીબા હાઈસ્કૂલ પીઠવડીના વિદ્યાર્થીઓ સાવરકુંડલા તાલુકા કક્ષામાં અવિરત સિદ્ધિઓ સાથે કલામહાકુંભની સ્પર્ધાઓમાં ઝળહળતી સફળતા મેળવેલ છે. જેમાં વકૃત્વ સ્પર્ધા ઉંમર ૬ થી ૧૪ વર્ષના સ્પર્ધકોમાં ડુબાણીયા નિશા ધોરણ નવની વિદ્યાર્થીનીએ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરેલ છે તથા ઉંમર ૧૫ થી ૨૦ વર્ષના તબક્કામાં વકૃત્વ સ્પર્ધામાં વરુ અભય ગેલાભાઈ ધોરણ ૧૧ના વિદ્યાર્થીએ પ્રથમ ક્રમ, તબલા વાદનમાં ધોરણ ૧૦ના જય જાદવને પ્રથમ ક્રમાંક, ધોરણ ૧૦ના મહીડા વરુણને એક પાત્ર અભિનય સ્પર્ધામાં પ્રથમ ક્રમ, ધોરણ ૧૧ની વિદ્યાર્થીની ગંગેરા દેવાંગી ભરતભાઈને દ્વિતીય ક્રમ તથા કામળીયા કાવ્યાને લોકગીત/ભજન ગાયન સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત થયેલ છે.આ સ્પર્ધાઓમાં વિજેતા ખેલાડીઓને પ્રમુખશ્રી વિનુભાઈ ડી.બાલધા, પ્રિન્સીપાલ શ્રી સંજયકુમાર કામળીયા તથા સ્ટાફ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવેલ.

### પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિતે

## અમરેલી શાંતાબેન ગજેરા કેમ્પસમાં વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

**રાજય અને રાષ્ટ્રીય સિધ્ધી પ્રાપ્ત કરેલા વિદ્યાર્થીઓનું સન્માન કરાયું**



અમરેલી,શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ ખાતે સ્પોર્ટસ ક્ષેત્રે સ્કૂલ-કોલેજના રાજય કક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ મેડલ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓ તેમજ ચાર્ટડ એકાઉન્ટ અને ડોકટરી પદવી મેળવેલ વિદ્યાર્થીઓનું ૨૬ જાન્યુઆરી પ્રજાસતાક પર્વ નિમિતે ઈફકોના ચેરમેન માન.શ્રી દિલીપભાઈ સંઘાણી સાહેબ, લોકાયુકત માન.શ્રી ત્રિલોચન પ્રધાન (IAS) તથા મીસીસ. પ્રધાન , સંસ્થાના પ્રમુખશ્રી વસંતભાઈ ગજેરા, ટ્રસ્ટીશ્રી અશોકભાઈ! ગજેરા, ટ્રસ્ટીશ્રી ચતુરભાઈ કાલસરીયા, મતિષભાઈ સંઘાણી, સાગરભાઈ ગજેરા તથા જાનવીબેન ગજેરા, પૂર્વકૃષિ મંત્રીશ્રી બેચરભાઈ ભાદાણી, મંત્રીશ્રી ચતુરભાઈ ખુંટ, ડાયરેકટર શ્રી વસંતભાઈ પેથાણી તેમજ મંચસ્થ તમામ મહાનુભાવોના વરદ હસ્તે સંસ્થા અને સમગ્ર રાજયને ગૌરવ અપાવેલ વિદ્યાર્થીઓનું મેડલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતાં અને હજુ પણ આગળ સિધ્ધીઓ પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ આપેલ હતી.રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ કુલ - ૧૭૨ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યુંહતું. આ વર્ષે રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ મેડલમાં શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસનો દબદબો છે. જે માટે તમામ સ્ટાફ-સ્ટુડન્ટસને સંસ્થાના પ્રમુખશ્રી વસંતભાઈ ગજેરા દ્વારા અભિનંદન આપવામા આવ્યા હતા.

## અમરેલીમાં પોકસો સહિતના ગુનામાં આરોપીના રેગ્યુલર જામીન મંજુર

**એડવોકેટ સંદીપ પંડયા અને તેજસ ધોણેની દલીલો ગ્રાહય રાખી**



અમરેલી,

અમરેલીમાં લલચાવી, ફોસલાવી, ધમકાવી, ડરાવી, અપહરણ બળાત્કાર સ્પેશયલ પોકસો એકટની કલમ સહીત કુલ ૧૮ કલમનાં આરોપીની રેગ્યુલર જામીન અરજી મંજુર કરેલ છે. ગોંડલના એક રીક્ષા ચાલક આકાશ અશોકભાઈ સોલંકી નામના યુવાન ઉપર અમરેલી સીટી. પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી. કલમ ૩૬૩,૩૮૮, ૩૭૮, ૩૭૮(૨) (જે) ૩૭૬(એન)૧૧૪ સ્પેશયલ પોકસો એકટની કલમ ૪,૨,૮,૧૦, ૧૨,૧૭,૧૮ અન્વયેનો ગુન્હો નોંધાયેલ હોય, ત્યારબાદ અમરેલી પોલીસ દ્વારા આરોપીની અટક કરી અમરેલી સ્પેશયલ પોકસો જજની કોર્ટમાં રજું કરેલ ત્યારબાદ આરોપી તર્ક અમરેલીનાં એડવોકેટશ્રી તેજશ એસ. ધોણે, એડવોકેટશ્રી સુનીલ રાજયગુરૂ, એડવોકેટશ્રી સંદિપ પી. પંડયા, એડવોકેટશ્રી રામજીભાઈ જાદવ નાઓ રોકાયેલા હતાં. આ જામીન અરજી અમરેલી સ્પેશયલ જજ શ્રી એમ.જે.પરાસરશ્રીની કોર્ટમાં ચાલી જતા એડવોકેટશ્રી ની ધારદાર દલીલો તેમજ જીણવટ ભરી રીતે કાયદાકીય રજુઆતોનાં અંતે નામદાર કોર્ટે આરોપીનાં રેગ્યુલર જામીન મંજુર કરેલ છે.

## ગીર સોમનાથ પંથકનાં વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

### શ્રી નિર્લિપ્ત રાયની ટીમ સૌરાષ્ટ્રમાં સક્રિય બની

## કોડીનારના બરડા ગામે દેશી દારૂની ભઠી પકડતો સ્ટેટ મોનીટરીંગ સેલ

**૩૯૦ લીટર દેશી દારૂ અને ભઠીના સાધનો મળી અર્ધા લાખની મતા કબજે**



વેરાવળ,

ગીર સોમનાથ જિલ્લાના કોડીનારના બરડા ગામે સીમ વિસ્તારમાં દેશી દારૂની ધમધમતી ભઠી ઉપર શ્રી નિર્લિપ્ત રાયના સ્ટેટ મોનીટરીંગ સેલે દરોડો પાડી ૩૯૦ લીટર દેશી દારૂ તથા રીક્ષા અને સાધનો મળી ૫૨૬૦૦ નો મુદામાલ કબ્જે કર્યો છે. અને ભીખા બાલુ વંશ સહિત બે સામે ગુનો દાખલ કર્યો છે.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

### અમરેલી, ગીર સોમનાથ પછી જુનાગઢમાં કાર્યવાહી

## વંથલીનાં ધંધુસરમાં જુગાર ધામ ઉપર ત્રાટકતો સ્ટેટ મોનીટરીંગ સેલ

**૨૦ લાખ ૪૧ હજાર ૫૦૦ ના મુદામાલ સાથે ૧૨ ની ધરપકડ : અસામાજીકોમાં ફફડાટ**



જુનાગઢ,(હિતેષ પારેખ)

શ્રી નિર્લિપ્ત રાય દ્વારા અમરેલી, ગીર સોમનાથ પછી જુનાગઢમાં કાર્યવાહી શરૂ કરાઈ છે જુનાગઢનાં વંથલી તાલુકામાં ધંધુસર ગામ નજીક જુગાર ધામ ઉપર સ્ટેટ મોનીટરીંગ સેલે દરોડો પાડી ૨૦ લાખ ૪૧ હજાર ૫૦૦ના મુદામાલ સાથે ૧૨ ની ધરપકડ કરતા અસામાજીકોમાં ફફડાટ ફેલાયો છે.

### છેલ્લા પાનાનું.
### નિમણુંક

વ્યકત કરી હતી. જિલ્લાના એક સહકારી આગેવાનની ખોટ બેન્ક અને સહકારી જગતને કાયમી રહેશે. તેવો વસવસો વ્યકત કર્યો હતો. શ્રી કાંતિભાઈ વલ્લભભાઈ પટોળીયાનું અવસાન થતાં બેન્કની ખાલી પડેલ ડિરેકટરી જગ્યામાં બેન્કની તા.૩-૨-૨૪ની એકઝીકયુટીવ કમિટીની મિંટીગમાં સર્વાનુમતે થયેલ નિર્ણય મુજબ તેમના સુપુત્ર શ્રી હરેશભાઈ કાંતીભાઈ પટોળીયાની બેન્કના ડિરેકટર તરીકે નિમણુંક કરેલ છે તેમ અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કના જનરલ મેનેજર અને સીઈઓ શ્રી બી.એસ. કોઠીયાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

### પહેલા પાનાનું.
### ભાજપમાં ધુબાકો

દૂધમાં સાકળ ભલે તેમ ભળી જજો.


આ પ્રસંગે પ્રદેશ મહામંત્રીશ્રી વિનોદભાઈ ચાવડા, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ભરતભાઈ બોઘરા, સાંસદશ્રી રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્યશ્રીઓ શ્રી કૌશિકભાઈ વેકરીયા, શ્રી દેવાભાઈ માલમ, શ્રી ભગવાનજીભાઈ કરગઠિયા, શ્રી સંજયભાઈ કોરડીયા, જુનાગઢ જીલ્લા પ્રમુખશ્રી કિરીટભાઈ પટેલ, જીલ્લા પંચાયત પ્રમુખશ્રી હરીશભાઈ ઠૂમ્મર, શહેર પ્રમુખશ્રી પુનિતભાઈ શર્મા, જીલ્લા પ્રમુખશ્રી હિરેનભાઈ સોલંકી, ચેરમેનશ્રી દિનેશભાઈ ખટારીયા, શ્રી ડો.જયભાઈ ત્રિવેદી, શ્રી મુક્તાનંદ બાપુ, શ્રી કરશનદાસ બાપુ, શ્રી વિજયદાસબાપુ, શ્રી અમૃતગિરી બાપુ સહિત પ્રદેશના પદાધિકારીશ્રીઓ, જીલ્લા/મહાનગરના હોદ્દેદારો સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

### દામનગર પોલીસ મથકને છેતરપીંડી વિશ્વાસઘાતના ગુનામાં ૧૮ વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

અમરેલી, અમરલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. શ્રી એ. એમ. પટેલ નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે દામનગર પો.સ્ટે. ફ. ગુ.ર.નં.૧૮/૨૦૦૫, આઈ.પી.સી.કલમ ૪૦૬, ૪૨૦, ૩૪ મુજબના કામે આરોપી છેલ્લા ૧૮ વર્ષથી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોય, ટેક્નીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે શાંતિધામ વૃધ્ધાશ્રમ જેતપુર મુકામેથી મજકુર લીસ્ટેડ આરોપી જયપ્રકાશ ઉર્ફે પ્રકાશ ઉર્ફે જે.પી. જયશંકર દવે, ઉ.વ.૬૯, રહે.ઈ/૭૯, ૪૦૧, સ્વામીનારાયણ પાર્ક, ફોર્થ ફલોર, કઠવાડા રોડ, નરોડા, અમદાવાદ હાલ રહે.જેતપુર, શાંતિધામ વૃધ્ધાશ્રમ, જિ.રાજકોટ મુળ રહે.ઉમરેઠ, જિ.આણંદને પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ દામનગર પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

# રાજુલાના વાવડી ગામેથી ગુમ થયેલ ત્રણ બાળકોને પોલીસે શોધી કાઢયા

## ડુંગરાળ વિસ્તારમાંથી રાજુલા પોલીસે ગણતરીના કલાકોમાં જ શોધી કાઢયા



રાજુલા, અમરેલી જીલ્લામાંથી આવા ગુમ થનાર બાળકો અંગે ઉંડાણ પુર્વકતપાસ કરી શોધી આપવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે ગઈ તા.૦૨/૦૨/૨૦૨૪ના રોજ સવારના દસેક વાગ્યા આજુબાજુ વાવડી ગામેથી ફોન આવેલ અને જણાવેલ કે હું કેલાસભાઈ ફુલસીંગભાઈ અજનાર બોલુ છું અને મારા બે બાળકો જેમાં (૧)અંકીત ઉ.વ.૧૩ તથા (૨)રવી ઉ.વ.૧૦ તથા મારા ભાઈનો દીકરો (૩)પીયુષ ઉ.વ.૦૬ નાઓ ગઈ કાલ તા.૦૧/૦૨/૨૦૨૪ ના સાંજના પાંસેક વાગ્યાની આજુ-બાજુ ઘરેથી રમવા ગયેલ અને પરત આવેલ નથી અને આજ સવાર સુધી અમોએ ઘરમેળે તપાસ કરતા મળી આવેલ નથી જે બાબતે ફોનથી રાજુલા પોલીસને જાણ કરતા તથા બનાવની ગંભીરતાની જાણ રાજુલા પો.સ્ટે.ના પો.ઈન્સ. સુ.શ્રી આઈ.જે.ગીડાને થતા તાત્કાલીક ધોરણે ગુમ થનારને શોધી કાઢવા રાજુલા પોલીસ સ્ટેશનના પો.સબ.ઈન્સ. શ્રી જી.એમ.જાડેજા તથા પો.સબ.ઈન્સ. શ્રી એમ.એફ.ચૌહાણ તથા રાજુલા સર્વેલન્સ સ્ટાફ તથા આગરીયા બીટ તથા અન્ય રાજુલા પોલીસ સ્ટેશનના ૨૦ જેટલા કર્મચારીઓને તાત્કાલીક બનાવ સ્થળે જઈ ગુમ થનાર બાળકો શોધી કાઢવા તથા બનાવ અંગે ઉંડાણ પુર્વક તપાસ કરવા સુચના આપેલ હોય.જે અનુસંધાને રાજુલા પોલીસ સ્ટાફ તાત્કાલીક બનાવ વાળી જગ્યા વાવડી ગામે સીમ વિસ્તારમા પહોંચી ગુમ બાળકોની તપાસ ચાલુ કરેલ અને અંદાજે ત્રણ થી પાંસ કી.મી.ના વિસ્તારમાં પોલીસ દ્વારા હ્યુમન ચોર્સની મદદ લઈ મો.સા. તથા પગપાળા ચાલી ગુમ બાળકોને શોધી કાઢવા જહેમત ઉઠાવેલ અને ગણતરીના સમયમાં ગુમ થનાર ત્રણેય બાળકોને અવાવરુ તથા ડુંગરાળ વિસ્તારમાંથી શોધી કાઢેલ, અને આ બનાવ બાબતે ત્રણેય બાળકોને પુછતા જણાવેલ છે કે પોતાની માતાએ ડુંગરાળ વિસ્તારમાં વન્ય જીવોનો ત્રાસ હોવાથી ત્યાં બોર ખાવા જવાની ના પાડેલ તથા ત્યાં જશો તો તારા પીતા ખીજાશે જે ડર બાબતે લાગી આવતા અમો ઘરેથી જતા રહેલ હતા. આમ, આ ગુમ થનાર (૧)અંકીત ઉ.વ.૧૩ તથા (૨)રવી ઉ.વ.૧૦ તથા (૩)પીયુષ ઉ.વ.૦૬ વાળાને પોલીસ સ્ટેશન જાણ થતાની ગણતરીની કલાકોમાં ગુમ થનાર ત્રણેય બાળકોને રાજુલા પોલીસ ટીમ દ્વારા શોધી કાઢેલ છે.

---

**નાયબ કલેક્ટર અને સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી બગસરા**

નં. એમએજી/વશી/રજી.નં.૦૩/૨૪
તા.૩૦/૦૧/૨૦૨૪

અરજદાર :- શ્રી હિંમતભાઈ રણછોડભાઈ પરમાર રહે.રાજકોટ
અરજદારના વિ.વ.શ્રી વિમલકુમાર એચ.ચાંઉ
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી તોરી ગ્રામ પંચાયત તા.કુંકાવાવ-વડીયા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે મુ.તોરી, હાલ રાજકોટ જિલ્લાના રહીશ શ્રી હિંમતભાઈ રણછોડભાઈ પરમારએ તેમના નાના ભાઈ શ્રી મહેશકુમાર રણછોડભાઈ પરમારનો જન્મ તા.૨૪-૦૫-૧૯૬૯ નાં રોજ કુંકાવાવ-વડીયા તાલુકાના તોરી મુકામે થયેલ હોવા ની જન્મ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળા ના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તેઓએ તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮-૦૨-૨૦૨૪ ના રોજ ૧૧-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

(કોર્ટનો સિક્કો) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ બગસરા

---

**શ્રી ખારી પ્રાથમિક શાળા તા.રાજુલા, જી.અમરેલી**

**-:: જાહેર હરરાજી ::-**

આથી રસ ધરાવતી પાર્ટીઓને આ નિવેદાથી જાણ કરવામાં આવે છે કે રાજુલા તાલુકાની શ્રી ખારી પ્રાથમિક શાળાના સ્લેબવાળા રૂમ (બે) ૨ અને (એક) ૧ નળીયાવાળો રૂમ એમ કુલ - ૩ રૂમની ઇમલાની જાહેર હરરાજી તારીખ : ૮-૦૨-૨૦૨૪ ને ગુરૂવારના રોજ બપોરે ૨:૦૦ કલાકે રાખવામાં આવેલ છે.તો રસ ધરાવતી પાર્ટીઓએ સમયસર હાજર રહેવા આ નિવેદાથી જાણ કરવામાં આવે છે.આ (૨) બે સ્લેબવાળા રૂમ અને ૧ (એક) નળીયાવાળો રૂમ આમ કુલ ત્રણ (૩) રૂમની અપસેટ પ્રાઇઝ તાલુકા પંચાયત એસ.ઓ. દ્વારા રૂા.૧૫૦૦૦/- અંકે રૂપીયા પંદર હજાર નક્કી કરેલ છે. માટે હરરાજીની બોલી ૧૫૦૦૦/- થી શરૂ કરવામાં આવશે. તથા હરરાજીમાં ભાગ લેનાર પાર્ટીએ રૂા.૧૦૦૦/- અંકે રૂપીયા એક હજાર ડિપોઝીટ ભરીને જ બોલીમાં ભાગ લઇ શકશે જેની તમામને જાણ કરવામાં આવે છે. હરરાજીની શરતો અને નિયમો રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

હરરાજી તારીખ : ૮-૦૨-૨૦૨૪ ને ગુરૂવારના રોજ
સમય : બપોરે ૦૨:૦૦ થી કલાકે રાખેલ છે.
સ્થળ : જુની નિશાળ ખારી
(ખારી પ્રાથમિક શાળા) તા.રાજુલા, જી.અમરેલી

આચાર્ય
શ્રી ખારી પ્રાથમિક શાળા
તા.રાજુલા, જી.અમરેલી

---

મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા
ફોજદારી પરચુરણ અરજી નં. ૨૨-૨૦૨૪............મુ.તા.૨૨-૦૨-૨૦૨૪
અરજદાર : જાગાણી પોપટભાઈ હરિભાઈ રહે.ફાટસર, તા.ગીર ગઢડા, જી.ગીર સોમનાથ
અરજદારના વિ.વ.શ્રી ડી.બી.જોષી
વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી પીપરીયા, તા.ખાંભા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારના પુત્રી હંસાબેન પોપટભાઈ જાગાણીનો જન્મ તા.૦૪-૦૫-૧૯૭૫ નારોજ ગામ પીપરીયા તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના પુત્રીના જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૨૨-૦૨-૨૦૨૪ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૧૯-૦૧-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | (કોર્ટનો સિક્કો) | હુકમ થી |
|---|---|---|---|
| ડી.એમ.કલસરીયા | ડી.જે.પઠાણ | | એ.એસ.દવે |
| આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |

---

... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC
સોનપાલ ઓટો એડવાઈઝર્સ
RTO એડવાઈઝર્સ
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર + પાસીંગ
ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી
ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી
મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫

શ્યામ આંખની હોસ્પિટલ
ડો. કપિલ બી. વરૂ (M.S.)
(આંખના સર્જન)
મોતીયા, ઝામર તથા પડદાના રોગના નિષ્ણાંત
૨૫૦૦૦ થી વધારે મોતીયા, ઝામર, વેલ તથા બાળકોના મોતીયાના ઓપરેશનના અનુભવી
અહીં ઉપલબ્ધ સારવાર :
- અતિ આધુનિક ફેકો મશીન પધ્ધતિથી ઇન્જેક્શન, ટાંકા તેમજ પટ્ટી વગર મોતિયાના ઓપરેશન
- ઓપરેશન પછી ફક્ત ૧૦ મીનીટમાં રજા તમામ પ્રકારના જટિલ મોતીયા તથા બાળકોના મોતિયાના ઓપરેશન
- તમામ પ્રકારના મોનોફોકલ, મલ્ટિફોકલ, ટોરિક જેવા પ્રિમિયમ નેત્રમણી (LENS) સાથેના ઓપરેશન
- વેલનું અતિ આધુનિક રીતે પ્લાસ્ટીક સર્જરી દ્વારા ટાંકા વગરનું ઓપરેશન
- અદ્યતન મશીન દ્વારા આંખના નંબરની તપાસ તથા પાંપણના ઓપરેશન
- કીકીને લગતા તમામ રોગોની સારવાર, ઝામર તેમજ ઝામર સાથે મોતિયાના ઓપરેશન
- ડાયાબિટીસ તેમજ બી.પી.ના દર્દીઓને આંખના પડદામાં થતા નુકશાનની સચોટ તપાસ તેમજ સારવાર
- ઇમ્પોટેર્ડ લેસર મશીનથી છારી ઉતારવાની સુવિધા

-: સ્થળ :-
-: અમરેલી :- સફારી પ્લાઝા, બીજો માળ, એન્જલ સિનેમા સામે, માણેકપરા, હોસ્પિટલ મો.૮૭૫૮૫ ૩૫૦૦૦
-: રાજુલા :- શિવશક્તિ શોપિંગ સેન્ટર, બેંક ઓફ બરોડાની બાજુમાં, કોહીનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, હોસ્પિટલ મો.૭૪૩૪૮ ૦૮૦૦૦

આ તહેવારોના શુભ અવસરે આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આકર્ષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવારો શુભ
Hero GIFT Grand Indian Festival of Trust
HF Deluxe Motorcycle – કેશ બોનસ ₹2100
Super Splendor Xtec – કેશ બોનસ ₹2100
Destini125 (Not Prime) – કેશ બોનસ ₹2100
Xoom & Pleasure – એક્ષચેન્જ બોનસ ₹3000
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાયર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૨૮૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz

સૌરાષ્ટ્ર-કચ્છમાં ડબલ વાયર પદ્ધતિ દ્વારા વાંકા-ચુંકા દાંતની સારવારનાં નિષ્ણાંત
અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.
ડૉ. દેવાંગ બી. પંડયા
B.D.S., M.D.S.(Orthodontics) Double-Slot System (Brazil)
દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ
આધુનિક મશીનરી ધરાવતી અમરેલી જિલ્લાની એકમાત્ર હોસ્પિટલ...
Align દાંતની હોસ્પિટલ
સમય : સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮ મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭
સ્થળ : સફારી પ્લાઝા કોમ્પલેક્ષ, બીજો માળ, ભગવતી ચોક, નિલકંઠ જવેલર્સ સામે, અમરેલી.
દર મહિનાનાં બીજા તથા ચોથા બુધવારે રાધિકા હોસ્પિટલ ખાતે બપોરે ૩ થી ૫ મળશે

બંગલા ટાઈપ જુના / નવા મકાન વેચવાના છે.
- સંકુલ રોડ ઉપર શુભલક્ષ્મીમાં ૧ વસામાં મજબુત બાંધકામવાળુ ફર્નિચર સાથે મોટુ મકાન.
- કે.કે.પાર્કમાં અંદરની બાજુએ 4 BHK સોલાર-સબમર્સીબલ સાથેનું ઉત્તર દ્વાર.
- પ્રમુખ સ્વામી મેઈન રોડ ઉપર 3 BHK ફર્નિચર સાથેનો નવો બંગલો.
- વૃન્દાવનમાં ૨૦×૫૦ ના પ્લોટમાં 4 BHK પૂર્વ ઉત્તર કોર્નર બાજુ જુનું મકાન.
- ગીરધરનગરમાં તદ્દન નવા જ પૂર્વ દ્વારના 3 BHK મકાન અરજન્ટ વેચવાના છે.
- શ્રી રંગ સોસાયટી (ચિતલ રોડ) મજબુત બાંધકામવાળો વિશાળ બંગલો
- સંકુલ રોડ ઉપર ૫૦×૫૦ નો પ્લોટ + ૪ દુકાન કોર્નરની કસમાં ફુકવાની
- લાઠી રોડ ઉપર 1 BHK ફ્લેટ ૯ લાખ તથા 2 BHK એવા ત્રણ ફ્લેટ તાત્કાલીક ફુકી મારવાના છે.
- બંસીધર સ્કૂલની સામે 3 BHK તદ્દન નવું લોનેબલ પશ્ચિમ દ્વારનું મકાન.
- શિવલીલામાં પી.આર.કાર્ડ સાથે 2 BHK તદ્દન નવું મકાન માત્ર ૧૧.૯૯
- અમરેલીમાં પ્લોટ-મકાન કે દુકાન અદલા બદલી કરવાના છે.
- રાજકોટમાં ફ્લેટ
- તારાપુર એન.એચ. ઉપર ૧૫૦ વારનો પ્લોટ
શેડુભાર - સોનારીયા - સાવર પુતળીયા - દેરડી - ગોખરવાળા ધારી ફાચરીયા - ગીગાસણ કચીવદરમાં ખેતીની જમીન કસમાં વેચવાની છે. (ટાઈટલ કલીયર)
- ચકકરગઢ દેવળીયામાં ૭ વિઘા વાડી વેચવાની છે / એકસચેન્જમાં પ્લોટ-મકાન-દુકાન-ફ્લેટ ચાલશે.
લાભમ્ પ્રોપર્ટીઝ : Mo. 94289 70954

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE | SPARE | INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઈક નવું...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

રજી.સે.શ.૩૬૭૫૨ || સત્યમેવ જયતે || ઓડીટ વર્ગ 'અ'
અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.
ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯
દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ
૫૦ હજારની એફડી ઉપર ભેટ મેળવો

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

આકર્ષક વ્યાજદરો
સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા
- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)
વિશ્વાસ તમારો અને મહેનત અમારી
અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.
• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઈન કોમ્પલેક્સ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.
• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧) ૨૩૩૨૯૯
• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

---

## છઠી વાર્ષિક પૂણ્યતિથીએ શ્રધ્ધાંજલી



**સ્વ.ઉકાભાઇ કાનજીભાઇ વાળા ઉ.વ.૭૨**
**સ્વ.તા.૦૪/૦૨/૨૦૧૮ મહાવદ ૪ રવિવાર**

જીવનની હરપળ હસતા રહયા તમે, સ્નેહથી સૌના હૈયે વસતા રહયા, તમે અચાનક ચાલી નિકળીયા તમે કહો કયા જઈ કરીએ ફરીયાદ, જીવન એવું જીવી ગયા કે ભુલાઈ નહી, વિદાય એવી લીધી કે વિસરાય નહી, મન માનતું નથી કે આપ અમારી વચ્ચે નથી.
પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે એજ પ્રાર્થના..

લી.
મહેન્દ્રભાઇ સોમાભાઇ બગડા (વેવાઇ)
સરોજબેન મહેન્દ્રભાઇ બગડા (વેવાણ)
સમિરકુમાર મહેન્દ્રભાઇ બગડા (જમાઇ) - શિલ્પાબેન સમિરકુમાર બગડા (પુત્રી)
દેવેન્દ્રભાઇ મહેન્દ્રભાઇ બગડા - પ્રિયાંશી દેવેન્દ્રભાઇ બગડા
જીતેન્દ્રભાઇ મહેન્દ્રભાઇ બગડા - ગાયત્રી જીતેન્દ્રભાઇ બગડા
નિશીત બગડા - હસ્તી બગડા
તથા બગડા પરિવાર - અમરેલી

## છઠી વાર્ષિક પૂણ્યતિથીએ શ્રધ્ધાંજલી



**સ્વ.ઉકાભાઇ કાનજીભાઇ વાળા ઉ.વ.૭૨**
**સ્વ.તા.૦૪/૦૨/૨૦૧૮ મહાવદ ૪ રવિવાર**

જીવન એવું જીવી ગયા કે જીવનારા જોયા કરે, કર્મ સદા એવા કર્યા સૌ યાદ કર્યા કરે,ધર્મ કદી ભૂલ્યા નહી, વ્યવહાર કદી ચૂકયા નહી,સુખ દુઃખમાં સદા હસતા રહયા આપણી હયાતી અમારા સૌ માટે પ્રેરણા હતી, આપનો ધર્મ પ્રીય પરોપકારી અને માયાળું સ્વભાવ હંમેશા અમારા જીવનમાં યાદોની સંજીવની બની રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

લી.
ગં.સ્વ. લક્ષ્મીબેન ઉકાભાઇ વાળા (પત્ની)
હિરેનભાઇ યુ. વાળા (પુત્ર) - સરોજબેન એચ. વાળા (પુત્રવધુ)
હિતેશભાઇ યુ.વાળા (પુત્ર) - ભારતીબેન એચ.વાળા (પુત્રવધુ)
સુમિતભાઇ યુ.વાળા (પુત્ર) - દિપ્તીબેન એસ.વાળા (પુત્રવધુ)
મંથન, સાક્ષી, આરવ, જેનીસ,યુગ (પૌત્ર), હસ્તીકા (ભાણેજ)
તથા સમગ્ર વાળા પરિવારના જય માતાજી

